Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૫૧ · તા. ૧૪ થી ૨૦ ડિસેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી કુંવરજી વસાઈયા લાલકાના આત્મશ્રેયાર્થે સંઘમાતા નિર્મલાબેન કુંવરજી વસાઈયા લાલકા પરિવાર ના સૌજન્યથી શ્રી વડોદરા ક.દ.ઓ. જૈન યુવક મંડળ આયોજીત શ્રી સમેતશીખરજી મહાયાત્રાની ઝલક

॥ શ્રી વિમલનાથ દાદાય નમઃ ॥ ॥ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ ॥





સ્વ.કુંવરજી વસાઈયા લાલકા સંઘમાતા નિર્મલાબેન કુંવરજી લાલકા

**અનુમોદના - અનુમોદના - અનુમોદના**

આમારા મહાતીર્થ **શ્રી સમેતશીખરજી મહાયાત્રા**ના વિરલ આયોજનમાં પૂર્ણ લાભ લઈ શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના લોકલાડીલા શ્રેષ્ઠીવર્ય જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા ની કંડારેલી કેડી પર નિસ્વાર્થ ભાવે ચાલતા આપણી આવનાર પેઢીને પ્રેરણારૂપ " ભવ્ય દશાઈ " ના દાઈત્વને નિભાવી આપશ્રીના પરિવારે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ** ના આયોજન ને સરળ અને સફળ બનાવવા માટે **સંઘમાતા નિર્મલાબેન કુંવરજી વસાઈયા લાલકા પરિવારની** ભૂરી ભૂરી અનુમોદના અને અભિનંદન કરીએ છીએ, શ્રી વિમલનાથ દાદાને વિનંતી કરીએ છીએ કે આપના પરિવારને શાસનના આવા સુંદર કાર્યો તન-મન-ધન થી કરવાની ઉમદા શક્તિ રૂપ પ્રેરણા આપતા રહે

લિ.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ-વડોદરા
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહિલા મંડળ-વડોદરા
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળ-વડોદરા**
પ્રમુખ શ્રી વિપેશ પનપારીયા, પુર્વ પ્રમુખ શ્રી મુકેશ લોડાયા
સેક્રેટરી શ્રી નરેન્દ્ર મોમાયા, ખજાનચી શ્રી કમલેશ નાગડા
કારોબારી સભ્યો શ્રીસંજય મોમાયા, શ્રી અનીલ પોલડીયા, શ્રી હિરેન ગોસર, શ્રી ભરત પોલડીયા, શ્રી અનિલ નાગડા, શ્રી વર્ધમાન નાગડા, શ્રી દર્શીત લોડાયા તથા સર્વે યાત્રાળુઓ

તા. 23-11-2013

ફોરમ આર્ટ








# CONGRATULATIONS



## POOJA DARSHAN LODYA (PG DPC. M.Sc.,) – Genetic Counselor

Phone : 9820080524 Email : poojalodaya.gc@gmail.com

**CONGRATULATIONS TO POOJA DARSHAN LODAYA FOR BEING SELECTED TO NATERA'S VIP EVENT IN HONKONG ON 17TH DECEMBER 2013**

### CURRENT ACTIVITIES

- One of the first certified genetic counselor in India
- Genetic Counselor, Maternal Fetal Medicine at Hinduja Healthcare, Khar, Mumbai
- Genetic Counselor, Map My Genome, Hyderabad
- Genetic Counselor. Nutra Gene, Delhi
- Genetic Counselor, Easter Biotech & Life Science, Dubai
- Genetics consultant to CPAA (Cancer Patients Aid Association), Mahalaxmi, Mumbai
- Genetic Counselor to the assisted reproductive technology clinic at:
  - Lilavati Hospital and Reasearch Center, Bandra, Mumbai
  - Hiranandani – Fortis Hospital, Vashi, Navi Mumbai
- Genetic Counselor at the following clinics :
  - D. Y. Patil Fertilifty Center, Nerul, Navi Mumbai
  - Babies And Us Fertility, IVF & ICSI Center, Mumbai
  - Trinity Sunrise Health Care Pvt. Ltd., Bandra, Mumbai
- Private Practice for preconception, Prenatal, Pedicatric and cancer genetic counseling, Mumbai

### ADDITIONAL ACTIVITIES

- Faculty and panelist at the Association of Fellow Gynecologists (AFG) and Indian Society for Prenatal Diagnosis & Therapy (ISPAT) seminar on Prenatal Genetic Diagnosis for Practicing Gynecologists Professionals at Mumbai 2013
- Faculty at the 11th National Conference of the Indian Society for Prenatal Diagnosis & Therapy at Odisha. 2012
- Faculty at the Cardio logical Society of India's annual conference at Kolkata. 2010
- Genetics expert for monthly Cancer Genetic Counseling workshops conducted by CPAA. 2008 – current
- Research assistant, The Genetic Counseling Video Project, Johns Hopkins Bloomberg School of Public Health, Baltimore, MD, USA. 2006-2007

  NHGRI DNA Ambassador for DNA Day, 2006 – 2007

**From**

**Lata & Dhanpati Manekji Lodaya & Family**
**Hemlata & Ramchandran & Family**

# અનંતનાથ દાદાના સાનિધ્યે રીડેવલ્પમેન્ટ

થોડા સમય પહેલાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા કે.ડી.ઓ. વર્લ્ડમાં અપાયેલી જાહેર ખબરમાં અનંતનાથ દાદાના સાનિધ્યમાં રીડેવલ્પમેન્ટની આકર્ષક સ્કીમ આકાર લઈ રહી છે અને તે માટે ઈચ્છુકોએ સંપર્ક સાધવો એમ જણાવવામાં આવ્યું હતું.

સામાન્ય માન્યતા એવી છે કે મસ્જિદબંદરમાં મુસ્લિમ વર્ચસ્વ વધી રહ્યું છે માટે રીડેવલ્પમેન્ટ સ્કીમમાં જે વેચાણ કરવાની વધારાની જગ્યા બને તેના કોઈ લેવાલ નહીં હોય. પણ સૌના આશ્ચર્ય વચ્ચે એ બાબત ઘણા જ્ઞાતિજનોએ ઈચ્છા પ્રગટ કરીને નામ નોંધાવ્યા.

નામ નોધાવતી વખતે ઈચ્છુકોએ સ્કીમની વિગતો જાણાવા ચાહી પણ તેમને યથાયોગ્ય સમયે જાણાવવામાં આવશે એવું કહેવામાં આવ્યું.

થોડા સમયબાદ બધા ઈચ્છુકોનો અલગ અલગ સંપર્ક કરીને યોજનાની કેટલીક વિગતો આપવામાં આવી.

મોટા ભાગના ઈચ્છુકોની ધારણા હતી કે કાર્પેટ એરીયાના દસ હજાર જેટલા કે તેથી ઓછા ભાવ હશે. તેઓ ટ્રસ્ટીઓએ સુપર બિલ્ટઅપના રૂા. ૧૮૦૦૦નો ભાવ ગણી પોતાની યોજના બનાવી છે એ જાણી આશ્ચર્ય સહ આઘાત અનુભવ્યો.

આ ઈચ્છુકોનું કહેવું છે કે અનંતનાથ ટ્રસ્ટ દેરાસરજી સાથે સંકળાયલું ટ્રસ્ટ છે. તે એ ફલેટો જ્ઞાતિજનોને જ વેચી શકાય એવી શરત રાખશે. કેમકે, જે રીડેવલ્પમેન્ટ સ્કીમ કરવાની છે તે અનંતનાથ દાદાના સાનિધ્યમાં કરવાની છે. એટલે આ જગ્યા જ્ઞાતિમાંજ વેચવાની હોય અને એમ હોય તો તેમને વેચતી વખતે સહેજે ૨૫ ટક્કા ઓછા મળે. વધુમાં, મસ્જિદબંદર જેવા ભીડવાળા વિસ્તારમાં રહેવાનું હોઈ પરામાં ઉપલબ્ધ ઘણી નાગરી સુવિધાઓ ન હોય એટલે અન્ય વિસ્તારોની તુલનામાં અહીં ભાવ વધવાની શક્યતા પણ ઓછી રહે એટલે એમણે ધારેલકે વધુમાં વધુ કાર્પેટ એરીયાનાં રૂા. ૧૦૦૦૦ જેટલો ભાવ વ્યાજબી ગણાય. તોજ તેને જ્ઞાતિએ કરેલી સ્કીમ ગણી શકાય.

અહીં જોકે, એ ખુલાસો જરૂરી છેકે અનંતનાથ દાદાના સાનિધ્યમાં રહેવા ઈચ્છનારા માર્કેટભાવ ચુકવે તેવી યોજના બનાવવા પાછળનો ટ્રસ્ટીઓનો હેતુ દેરાસર પાસેની જગ્યાઓ ખરીદી એ ક્ષેત્ર પૂર્ણતઃ જ્ઞાતિ અને જ્ઞાતિજનોની માલિકીનું બને તેવી સ્થિતિ પેદા કરવાનો હતો... ઉત્તમ હતો, પણ ઘણા વ્યવહારિક પાસાંઓની ઉપેક્ષા કરનારો હોઈ હવાઈ કિલ્લા જેવો પુરવાર થનાર હતો.

મળતા સંકેતો જણાવે છે કે ઈચ્છુકો ફરીથી ટ્રસ્ટ પાસે જશે નહિં અને આખી સ્કીમ એક જાહેરખબર અને થોડી વાતચીતો સુધી સીમિત થઈ જશે.

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે હવેથી ઈ-મેલ kdoprakash@gmail.com પર મોકલાવા.**

Please Note New Email ID of C.D.O. Prakash Samiksha :
Email : kdoprakash@gmail.com


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા



**અંક નં. 51/2013**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ


**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

સૌ કબુલ કરશે કે અનંતનાથ જિનાલય આસપાસના વિસ્તારમાં જ્ઞાતિજનોની વસ્તી વધારવામાં વેપારી ગણતરીઓ ન ચાલે. વળી, એકદમ સાનિધ્યમાં તો ઓનરશીપની સ્કીમ ન ચાલે. ભાડાની સ્કીમ રાખવી જોઈએ કેમકે તોજ એ મિલકત પર જ્ઞાતિનું અધિપત્ય રાખી શકાય.

હા અનંતનિવાસ - અનંતભુવનની આસપાસ ઓનરશીપ સ્કીમનો વિચાર કરી શકાય. ઈચ્છનીય એ છેકે જ્ઞાતિના બધા ટ્રસ્ટોની અહીં આવેલી મિલકતો જે સરેરાશ મકાન એરીયા ૨૫૦૦૦૦ ચો.ફુટX૨૬મિલકતો એટલે કે ૬૫૦૦૦ ચો. ફુટ અથવા દોઢ એકર થવા જાય, તેને માટે ક્લસ્ટરના લાભ મેળવવા પ્રયત્ન થવા જોઈએ.

આ કામ મુશકેલ છે પણ અશક્ય નથી. મહારાષ્ટ્ર સરકાર જાન્યુઆરી ૨૦૧૪ થી પહેલા ક્લસ્ટર ડેવલ્પમેન્ટની નવી યોજના જાહેર કરવાની છે. જો કે, સરકારે વારંવાર કહ્યું છે કે એ, બી, સી, ડી, ઈ, અને એફ, વાર્ડમાં સરકાર પોતે જાહેર કરેલ ક્લસ્ટર ડેવલ્પમેન્ટ સ્કીમ ઉપરાંતની સાનુકુળતા કરી આપવા તૈયાર છે. આ બાબત નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવી જ્ઞાતિની અસ્મિતા જળવાઈ રહે અને જ્યાંથી મુંબઈમાં જ્ઞાતિ વસવાટ શરૂ થયો, તે મસ્જિદ બંદર વિસ્તારમાં જ્ઞાતિની છાપ અકબંધ રાખી શકાય.

મસ્જિદ બંદરમાં આવેલ શ્રીઅનંતનાથ ટ્રસ્ટની તથા અન્ય જ્ઞાતિ ટ્રસ્ટોની મિલ્કતો ના રીડેવલ્પમેન્ટના સંબંધમાં યોજના બનાવતી વખતે કેટલીક વાતો ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

અનંતનાથ જિનાલયની આસપાસ ભાડાના રહેઠાણ, ક.વી.ઓ.ના આદેશ્વર જિનાલય પાસે ઓનરશીપ રહેઠાણ તથા દાણા બંદર પુલ તરફની મિલકતોમાં ઓનરશીપ તત્વપર વેપારી જગ્યાઓ યોગ્ય ગણાય એ વાત કેન્દ્રમાં રાખી અહીંના રીડેવલ્પમેન્ટમાટે યોજનાઓ બનવી જોઈએ.

આમાં અનંતનાથ જિનાલય પાસેની અન્યોની મિલકતો ખરીદીને ત્યાં ઉપાશ્રય, મહાજનવાડી, સ્કૂલ તથા રહેઠાણ બનાવવા માટે તો પરાંમાંની મિલકતોને વિકસાવીને અથવા વેચીને આવેલા પૈસાનો ઉપયોગ કરવો જોઈએ. બાકીત્યાં રહેવાની લાલચ આપી કોઈની પાસેથી માર્કેટ રેટે સુપર બિલ્ટઅપના પૈસા વસૂલવાની અપેક્ષા રાખવી એ એક અર્થમાં અનંતનાથજી ટ્રસ્ટના પાયાના હેતુઓ પ્રત્યેની અણસમજ અને તેના દ્રોહ સમાન છે.

અલબત્ત, અનંતનાથજી જિનાલયની બાજુમાં જ્ઞાતિની જ મિલકતો અને રહેઠાણ હોય એ આ ટ્રસ્ટ બોર્ડને જ નહિં આવનારા ટ્રસ્ટ બોર્ડોને પણ સ્પર્શતો મુદ્દો છે. અત્યારનું ટ્રસ્ટ બોર્ડ તેની બાકીની મુદત માટે જે યોજના રજુ કરે તે જ્ઞાતિના આગેવાનો, ખાસ કરીને, જ્ઞાતિના અગ્રણી બિલ્ડરો સાથે ચર્ચા વિચારણા કરીને તથા મહાજની સભામાં પાસ - મંજુર કરાવીને જ કરે કેમકે હવે તેમની પાસે એટલો ઓછો સમય બચ્યો છેકે તેઓ બાંધકામનો કોઈ પણ પ્રોજેક્ટ હાથમાં લે તો તે તેમના દ્વારા પુરું થવાનો તો શું ખરા અર્થમાં શરૂ થવાની શક્યતા પણ ઓછી છે.

હકીકતમાં તેઓ જ્ઞાતિઆગેવાનોની અને ખાસ કરીને જ્ઞાતિના બિલ્ડરોની સભા બોલાવી આ માટેની વ્યવહારુ નીતિની રૂપરેખા તૈયાર કરાવી શકે તો પણ એક મોટી સિધ્ધિ ગણાશે. અહીં જ્ઞાતિના બિલ્ડરોની ભુમિકા પર ખાસ ભાર આપવાનો તે એટલા માટે કે તેઓ આ સંબંધી આંટીઘુંટી જાણે છે તેમજ તેમની પાસે આર્કીટેક્ટ અને વકિલોની વ્યવસ્થા હોય છે. આ ટ્રસ્ટબોર્ડ જ્ઞાતિની આ સુવિધાનો પોતાના અહમને કારણે લાભ લેતું નથી એ ખરેખર ખેદની વાત છે.

અલબત્ત, અત્યારના ટ્રસ્ટબોર્ડે મોડે મોડે પણ જ્ઞાતિના ધર્મ - સમાજજીવનના કેન્દ્ર સમાન અનંતનાથ જિનાલય જ્યાં આવેલું છે તે વિસ્તારમાં પ્રોજેક્ટ લેવાની ઉત્સુકતા દાખવી અને પોતાની સમજ પ્રમાણે પુર્વતૈયારી કરી તે બદ્દલ તેઓ અભિનંદનના અધિકારી છે. ... અને જો એ દિશામાં નક્કર કામ કરવાની પુર્વ ભુમિકા રચવા માટે વધુ પ્રયત્નો કરશે તો જરૂર સફળ થશે અને સવાયા અભિનંદનના અધિકારી બનશે.

**(જ્ઞાતિના કેટલાક આગેવાનોના મંતવ્યોનું સંકલન)**

## ધર્મ પ્રકાશ : કર્મનું વિષચક્ર (ભાગ - ૨) ડૉ. રશ્મિભાઈ ઝવેરી

# કર્મવ્યવસ્થાનું દાર્શનિક - વૈજ્ઞાનિક સ્વરૂપ

હવે આપણે આ કર્મ-બંધ-ઉદય-પ્રવૃત્તિ-પુનઃ બંધના વિષચક્રની વ્યવસ્થાનો દાર્શનિક-વૈજ્ઞાનિકરૂપે જોઈએ.

આઠેય કર્મોમાં વૃત્તી અને પ્રવૃત્તિ કરાવનાર કર્મ છે-ચારિત્ર મોહનીયકર્મ. મોહનીયકર્મ તો બાકીનાં સાતેય કર્મોનો રાજા છે. એના મુખ્ય બે ભેદ છે-દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ઉદયથી આત્મા મૂઢ બની જાય છે. પોતાનું ભાન ભૂલી જાય છે. પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો માલિક છે તે વીસરી જાય છે. કર્મની આ પ્રકૃત્તિ આત્માને આત્માનું દર્શન કરવામાં જ અંતરાય પાડે છે, પણ આત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ માટે તો જવાબદાર છે - ચારિત્ર મોહનીયકર્મ. એનો ક્રમ આ પ્રમાણે છે.

પૂર્વજનિત ચારિત્ર મોહનીયકર્મનો ઉદય પ્રત્યેક ક્ષણે થતો રહે છે અને પ્રત્યેક ક્ષણે એ આત્મામાં સૂક્ષ્મતમ સ્પંદન ઉત્પન્ન કરે છે. આ કર્મનો ઉદય એના બંધની સ્થિતિ પૂરી થવાથી (અબાધાકાળ પુરો થવાથી) અથવા નિમિત્ત મળવાથી થાય છે. ઉદય થતાં જ તે શુભ-અશુભ અધ્યવસાયરૂપી સંદેશ આપી આત્માથી અલગ થઈ જાય છે, લોકના અન્ય કર્મવર્ગણા યોગ્ય પુદ્દગલો સાથે મળી જાય છે.

ચારિત્ર મોહનીયકર્મોનો ઉદય આત્મામાં રાગ દ્વેષના સંદેશ આપે છે, જે અધ્યવસાયના રૂપમાં ચાર કષાય અને નવ નોકષાયના રૂપે પરિણમે છે. ચાર કષાય અને નવ નોકષાયના રૂપે પરિણમે છે. ચાર કષાય છે ક્રોધ, માન, માયા અને લોભ. નવ નોકષાય છે - હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુસંકવેદ,

હવે આ કષાય-નોકષાયના અધ્યવસાયો (સુક્ષ્મ સ્પદંન રૂપમાં) વિવિધ ભાવોનો-ભાવનાઓનો નિર્દેશ આપે છે, જેનું તેજસ શરીર (Bio-electric Body) દ્વારા લેશ્યામાં રૂપાંતરણ થાય છે. આ તેજસ શરીર પણ અતિસૂક્ષ્મ છે અને એ કષાયદિના ભાવોનું રંગના તરંગોમાં રૂપાંતરણ કરે છે. એ મીડિયા (Media Body) બોડી છે, જે વિદ્યુત ચુંબકીય ક્ષેત્ર (Electro-magnetic field) નાં કિરણો (Radiation) દ્વારા કર્મજનિત સંદેશને આગળ વધારે છે, જેનું લેશ્યાના (Aura) રૂપમાં પ્રગટીકરણ (Manifestation) થાય છે. આ લેશ્યાઓના એના રંગ અનુસાર છ ભેદ બતાવવામાં આવ્યા છે.

કુષ્ણ, નીલ, કાપોત-આ ત્રણ અશુભ-માઠી લેશ્યાઓ છે અને પદ્મ, તેજસ, અને શુકલ લેશ્યાઓ શુભ લેશ્યા છે. અશુભ અધ્યવસાયોનું કાળા-ગંદા રંગોમાં અને શુભ સકારાત્મક અધ્યવસાયોનું ચમકતા તેજસ્વી સુંદર રંગોમાં રૂપાંતર થાય છે. માણસના શરીરના આભા મંડળ પરથી-એના રંગો પરથી એ માણસની ભાવનાઓ પારખી શકાય છે. નરી આંખે ન જોઈ શકતા આ રંગો-તરંગો-ક્રિલિયન કેમેરા વડે જોઈ શકાય છે.

હવે આ સૂક્ષ્મ રંગ-તરંગરૂપી સંદેશ (લેશ્યા) વ્યક્તિના ભાવતંત્રને પ્રભાવતિ કરે છે અને એની ભાવનાઓનું નિર્માણ કરે છે, વૃત્તિઓ પેદા કરે છે.

બે સગા ભાઈઓમાં આનુવંશિક સિદ્ધાંત અનુસાર માતા-પિતાના જીન (genes) નો વારસો, ક્રોમોસોમ (૨૩ માતાના અને ૨૩ પિતાના) વગેરે એકસરખા હોઈ શકે છે, જેમાં એમના માટે રાસાયણિક ભાષામાં સંદેશાઓ ડી.એન.એ. (DNA) ના રૂપમાં લખાયેલા હોય છે. આનાથી એમનો દેખાવ, શરીરની રચના આદિમાં ઘણું સામ્ય હોય છે, પણ બન્નેનું વ્યક્તિત્ત્વ, સ્વભાવ, વૃત્તિઓ, આદિ અલગ અલગ હોય છે. આ ભેદનું ઉપાદાન કારણ છે બન્નેએ કરેલાં પોત પોતાનાં કર્મ જે એમની ભાવધારાઓ અને લેશ્યા માટે જવાબદાર છે, જેમાંથી એમનો સ્વભાવ, વૃત્તિઓ આદિ ઉત્પન્ન થાય છે.

અત્યાર સુધી સુક્ષ્મ જગતમાં જ બધી ક્રિયાઓ થઈ છે. હવે આ વૃત્તિઓ, ભાવનાઓ, આવેશો, આવેગો, ઉત્તેજનાઓ (urges, impulses, instincts) સ્થુળ જગતમાં પ્રવેશ છે અને મગજની મધ્યમાં આવેલા અત્યંત શક્તિશાળી સુપર કોમ્પ્યુટર (super computer) ને સક્રિય કરી એને નિર્દેશ (command) આપે છે. આ આપણી મષ્તિસ્કીય વ્યવસ્થા મગજની મધ્યમાં આવેલી લિમ્બિક સિસ્ટમ (limbic system) કહેવાય છે.

હવે જે લાગણીઓ - વૃત્તિઓ (feelings-emotions -passions) ઉત્પન્ન થાય છે એ આપણા ગ્રંથિતંત્રને (neuroendocrine system) સક્રિય કરે છે. વૃત્તિઓનું હવે રાસાયણિક ભાષામાં રૂપાંતર થાય છે, જે આપણી અંતઃસ્ત્રાવી ગ્રંથિઓમાંથી નીકળતા સ્ત્રાવો દ્વારા મોટર નર્વસને (motor nerves) પહોંચાડે છે. આપણી અદભુત નર્વસ સિસ્ટમ (નાડીયંત્ર) દ્વારા શરીરના ચોક્કસ અવયવને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે અને આ વૃત્તિઓનું પ્રવૃત્તિઓમાં રૂપાંતરણ થાય છે.

યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે અને નવાં કર્મોનો બંધ થાય છે એ સમયે કષાયાદિની તીવ્રતા - મંદતાના આધારે નવાં કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને બંધ થાય છે. આ નવાં કર્મનો અબાધાકાળ પૂરો થતાં કે નિમિત્ત મળતાં પાછા ઉદયમાં આવે છે, વૃત્તિ ઉત્પન્ન કરે છે, જે પ્રવૃત્તિમાં પરિણમે છે અને નવાં કર્મો બંધાય છે. આમ, કર્મનું વિષચક્ર ચાલુ રહે છે. જીવને સંસારમાં જન્મ-મૃત્યુના ચક્કરમાં રખડાવે છે, નચાવે છે, એના પ્રોગ્રામ મુજબ સુખ-દુઃખનો અનુભવ કરાવે છે.

એકાંત દુઃખમય સંસારમાંથી છૂટવા માટે કર્મના આ વિષચક્રને તોડવાની જરૂર છે. આને માટે આવશ્યક પગલું છે આત્માના પોતાના ગુણોને જાણવાનું. હું આત્માના પોતાના ગુણોને જાણવાનું. હું આત્મા છું, શરીર નથી એવું ભેદજ્ઞાન થવાથી જ આત્માર્થી થવાય છે.

**- જૈન પ્રકાશ**માંથી સાભાર

---

શાંતિ નાથાય નમો નમાયઃ

## સાંધવ વાસીઓને જાહેર નિવેદન

**સાંધવ ગામે મહાજનશ્રીના કમ્પાઉન્ડમાં જુની જર્જરિત જ્ઞાનશાળા આગળના ઠરાવ મુજબ હવે એમને જમીન દોસ્ત કરવામાં આવશે. કોઈને પણ આ-બાબતમાં કાંઈ સુચન હોયતો ૧૫ દિવસમાં મહાજનશ્રીને જાણ કરવાની રહેશે. મહાજનશ્રીના રાબેતા મુજબ બાકી રહેલ કામો આગળ ચાલુ રહેશે.**

***- ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ***
***પ્રમુખશ્રી શામજી નરશી દંડ***

---

વંદના... વંદના... વંદના અપરંપાર

## સંયમજીવનના ષષ્ટિ આરંભે વંદના અપરંપાર

**સુથરી તીર્થે ધૃત કલ્લોલ દાદાની છત્રછાયામાં રજોહરણ લીધો મનોહાર, શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિના વરદ હસ્તે**



બાલપણમાં બન્યા વૈરાગી
અંતરમાં સંયમની લાગણી
૧૪ વર્ષે સંસાર દીધું ત્યાગી
લગની એક બનવું વિતરાગી...
એવા ગગન ગણમાં શોભતા સંયમજીવનના
૬૦ વર્ષમાં પદાર્પણ કરતાં... સંયમ જીવનની
લાંબી સફરને સફળતાએ પાર કરતાં, આ અવની
પર વિચરી ભવ્ય જીવોને ઉગારતાં એવા ગુરૂમાં

**પ.પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**

ગુંજે છે જેમના રોમે રોમે શ્રી નવકાર, સહજતાને સરળતા છે જેમના નાડીના ધબકારા, સિધ્ધચક્ર ભગવાન છે જેમના હૈયાના દિવ્ય રણકાર, સદા નીંદિપદ પ્રાપ્ત કરવા કેક કર્મ સામે પડકાર. ઋજુતાને ભદ્રીકતા છે જાણે જનમ જનમ નો ચરુ, સંસ્કાર પામી આર્ય દેશને અર્હતપદની સાધના કરે સુખકાર, કુમુદ જેવી કોમળતાને તીર્થ ભક્તિનો ટહુંકાર... એવી આરાધનાની વસંત ખીલી થાય જિન શાસનનો જયકાર.

તિર્થાધીરાજ શત્રુંજય મહાતીર્થના પાવન સાનિધ્યમાં આપનું સંયમ જીવન મોક્ષલક્ષી બની રહો એજ દેવાધિદેવ આદિનાથ દાદાના ચરણોમાં પ્રાર્થના.

લી. **સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ (સાંધવ-મુલુંડ)**
**અ.સૌ. ડીમ્પલ સમીર દંડ**
**અ.સૌ. લક્ષા નેમ વિરચંદ સોની (સુથરી)**
**(મહાવીર શીપીંગ)**

(NMC-200014)

---

## સાંધવ ગામે મણી માણેક અતિથિ ગૃહ

સાંધવ ગામે મણી માણેક અતિથિ ગૃહ તેમજ વાલામાં ભોજનશાળા કાયમી ચાલુ રાખવામાં આવેલ છે. કોઈપણ જૈન પરિવારને સાંધવ ગામે જવું હોયતો આગળથી ફોન કરીને નીચે મુજબ જાણ કરવાની રહેશે મહાજનશ્રી તરફથી નકરો રાખવામાં આવેલ છે તે મુજબ નકરો લેવામાં આવશે. ચાર રૂમ એસી એક હોલ આટલી વ્યવસ્થા રાખવામાં આવેલ છે. અગાઉથી જાણ કરીને ફોન ઉપર બુંકિગ કરવામાં આવશે. **સંપર્ક : પંકજ ડાઘા (સાંધવ) મો. ૦૯૫૩૭૯૬૨૧૫૩ પ્રવિણ મોતા (ડોંબિવલી) મો. ૦૯૮૨૧૩૩૦૯૧૪.**

---

સાંધવ વાસીઓ તથા નિયાણી બહેનોને ધ્વજ મહોત્સવે પધારવા ભાવ ભર્યું આમંત્રણ

**સાંધવ તારક શ્રી શાંતિનાથ ભગવાનના જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે મહાસુદ - ૧૩ને બુધવાર તા. ૧૨-૦૨-૨૦૧૪ના સવારના કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો સર્વને સમયસર પધારવા મહાજનશ્રી તરફથી આમંત્રણ આપવામાં આવે છે. સાંધવ ગામે મહાજન તરફથી વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

***- ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ***
***પ્રમુખશ્રી શામજી નરશી દંડના જય જિનેન્દ્ર***

## સ્ત્રીઓમાં શિક્ષણ, સુરક્ષા, સ્વાલંબન, સંસ્કાર અને અભિમાનનું સિંચન કરવા કમર કસનારા નોખા - અનોખા સાધ્વી મયણાશ્રીજી

**વનિતા વિશ્વ**



વૃદ્ધ માતા - પિતા જીવતાં હોય ત્યારે આપણે એમને સમ્માન નથી આપતા. એમનું મૂલ્યાંકન એ આપણા માટે કેટલી સંપત્તિ મુકી જશે એને આધારે કરવામાં આવે છે. જીવતેજીવ પાણીનો ગ્લાસ આપવામાં સંકોચ અનુભવીએ છીએ અને એમનાં મૃત્યુ પછી એમને માટે એટલો બધો પ્રેમ ઊભરાઈ આવે છે કે માતા - પિતાના નામની તક્તી મુકાવવા મસમોટું દાન નોંધાવીને સમાજમાં મોટા ભા થઈને ફરીએ છીએ. મંદિર - દેરાસરમાં જવા માટે પડાપડી થાય છે, પણ ઘરમાં બીમાર માતા - પિતા સામે જોવાની આપણને ફુરસદ નથી. આનો કોઈ અર્થ નથી. માતા - પિતાએ જે બાળકોને બોલવાનું શિખવાડયું હોય એ જ મોટાં થઈને મા-બાપની બોલતી બંધ કરી દે છે. જ્યાં માતા - પિતાની કદર નથી થતી એ પરિવાર બહુ જલદી વેર - વેખેર થઈ જાય છે, એની ક્યારેય પ્રગતિ ન થઈ શકે. આ પરિસ્થિતિ માત્ર ને માત્ર સ્ત્રી જ બદલી શકે!

– મહિલાઓના ઉત્કર્ષ માટે બેજટમાં વધારો કરો...

– સ્ત્રીઓને તમામ ક્ષેત્રમાં ૩૩ ટક્કા આરક્ષણ આપો...

– ભારતનાં દરેક નાનાં - મોટાં શહેરમાં મહિલા પોલીસસ્ટેશન ઊભાં કરો...

– ભારતની સંસ્કૃતિને બચાવવા અશ્લીલ ફિલ્મ - વિડિયો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દો..

સમાજમાં પ્રવર્તી રહેલા દંભ માટેના આ નીડર વિચાર અને માગણીઓ કોઈ પ્રખર સમાજસેવક કે ધર્મગુરુએ નહીં, પણ માત્ર ૩૮ વર્ષનાં એક સાધ્વીએ કરી છે.

આ વિચાર શ્રીમદ બુદ્ધિસાગર સંપ્રદાયનાં સાધ્વી મયણાશ્રજીએ દિલ્હીમાં સંસદ ભવનના બાલયોગી ઓડિટોરીયમમાં યોજવામાં આવેલા **હેપ્પી વુમન, હેપ્પી વર્લ્ડ દિવસ** નિમિત્તે પ્રગટ કર્યા હતા, જેમાં આ કાર્યક્રમમાં ભારત ઉપરાંત વિશ્વની અનેક પ્રતિષ્ઠિત મહિલાઓ હાજર રહી હતી.


તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં
સહભાગી થવા ઉત્સુક
**રિશી ફુડસ એન્ડ સર્વિસ**
સદા સર્વાંગી સેવા કરીને
ધન્યતા અનુભવશે
Rishi Foods
We Cater all Types of Veg. Cuisine
(Maxican - Italian - Burmese etc.)
Chintan Shah (Lodaya) : 9619681919 Tel.: 022- 321 09097
Email : chintan_shah72@yahoo.com
Office : Sardar Pratap Singh Industrial Estate No. 3,
Shop No. 7, Opp. Panalal Compound,
L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078



Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

# શ્રદ્ધાંજલિ



**જન્મ :** **૧૮.૦૪.૧૯૪૩**

**દેહવિલય :** **૦૧.૧૨.૨૦૧૩**

## સ્વ. પ્રેમચંદ મુલજી લાલકા

દેહ નો વિલય થાય છે. પરંતુ આત્માનો વિલય થતો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહીં. આપનો વાત્સલ્યભર્યો સ્વભાવ, કૌટુંબિક ભાવના, પરગુજયણા નો ગુણ અને પરિવાર પ્રત્યેની લાગણી ચિરંજીવ રહેશે. આપના સુસંસ્કારો અને નિઃસ્વાર્થ સેવા ના મુલ્યો નું સ્મરણ કરીને અમે નત મસ્તકે આપને હાર્દિક શ્રદ્ધાંજલિ આપીએ છીએ. પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે તેવી પ્રાર્થના છે.

*લિ. આપનો પરિવાર*

**પત્ની : સુશીલાબેન પ્રેમચંદ લાલકા**

| | | | |
|---|---|---|---|
| **પિતા** | **: સ્વ. મુલજી ભિંયશી લાલકા** | **માતા** | **: સ્વ. લક્ષ્મીબેન મુલજી લાલકા** |
| **સસરા** | **: સ્વ. નરશી નેણશી સોની** | **સાસુ** | **: સ્વ. નવલબેન નરશી સોની** |
| ભાઈ | : મણીલાલ લાલકા | બંધુપત્ની | : ભારતી લાલકા |
| ભાઈ | : કિશોર લાલકા | બંધુપત્ની | : નલીની લાલકા |
| ભાઈ | : દિનેશ લાલકા | બંધુપત્ની | : ઉષા લાલકા |
| ભાઈ | : ઝવેરચંદ લાલકા | બંધુપત્ની | : રશ્મિ લાલકા |
| ભાઈ | : ખુશાલ લાલકા | બંધુપત્ની | : મીતા લાલકા |
| ભાઈ | : મુકેશ લાલકા | બંધુપત્ની | : જયશ્રી લાલકા |
| બહેન | : મધુ ભદ્રિક ધરમશી | બનેવી | : ભદ્રીક મેઘજી ધરમશી |
| પુત્ર | : સમીર પ્રેમચંદ લાલકા | પુત્રવધુ | : નીરા સમીર લાલકા |
| પુત્રી | : અમીષા હિતેશ છેડા | જમાઈ | : હિતેષ રાયચંદ છેડા |
| પુત્રી | : શેફાલી કેતન ખોના | જમાઈ | : કેતન હીરાચંદ ખોના |
| પુત્રી | : ડિમ્પલ પ્રેમચંદ લાલકા | | |

<u>પૌત્ર</u> : આર્યન ● <u>પૌત્રી</u> : વેદીકા ● <u>દોહીત્ર</u> : રિશાંક, હર્ષ

<u>ભત્રીજા-ભત્રીજાવહુ</u> : નિખીલ-પુજા, જયેશ-કવિતા, મીતેશ-નેહા, પ્રતીક-કિરણ, કિરણ-પ્રાચી

<u>ભત્રીજી-જમાઈ</u> : શીતલ-હિતેન, સેજલ-વિમલ, કાજલ-ચેતન, નિધિ-જીનેષ, કુ. અવની, કુ. વિધી, કુ. પ્રિયલ

<u>ભાણેજી-જમાઈ</u> : જીનલ-હિતેન ● <u>પૌત્ર</u> : ક્રીષી, કેવલ, વંશ ● <u>દોહીત્ર/દોહીત્રી</u> : હર્ષિલ, શ્રૃષ્ટિ, ધ્વજા, રાજ

**તથા સમસ્ત લાલકા અને સોની પરિવાર**

*આભાર,*

*અમારા પરિવારના મોભી સ્વ. પ્રેમચંદ મુલજી લાલકા (લાલા - કલકત્તા) ની ચિર વિદાય નિમિત્તે અંતીમ યાત્રામાં સહભાગી થઈ, રૂબરૂ મળી, ફોન કે મોબાઈલ દ્વારા સાંત્વના આપનાર સૌ કોઈનો આભાર.*

*લાલકા પરિવાર (લાલા-કલકત્તા)*





આટલી નાની ઉંમરમાં સંસદ ભવનમાં પ્રવચન કરીને સૌને દંગ કરી દેનારાં આ મયણાશ્રીજી છે કોણ?

માત્ર પાંચ વર્ષના દીક્ષાજીવનમાં દસ હજાર કિલોમોટીરનો પ્રવાસ કરનારાં આ સાધ્વીજીએ એમની શિબિરો દ્વારા મહિલાઓમાં ભારે આત્મવિશ્વાસ જગાવ્યો છે. અરે, એમના કડવાં પણ સાચાં વેણ સાંભળીને કંઈક મહિલાઓ તો ધ્રૂસકે ધ્રુસકે રડી પડે છે!

એવું તે ક્યું બળ છે આ સાધ્વીજીના શબ્દોમાં કે જેમની શિબિરમાં હજારો - લાખોની સંખ્યામાં મહિલાઓ ઊમટી પડે છે?

આ સાધ્વીજી આપણામાં કેવા સંસ્કાર હોવા જોઈએ અને ભારતની નારીને કેવા રૂપમાં જોવા માગે છે એની વાત કરતાં પહેલાં જાણીએ એમનું અત્યાર સુધીનું જીવન...

મુંબઈના કુર્લા વિસ્તારમાં રહેતા રાજસ્થાની મારવાડી પરિવારમાં જન્મેલી મમતા રાજમલ જૈન - રાઠોડ ભણવામાં ખુબ હોંશિયાર.

વડાલા વિસ્તારમાં આવેલી એસ. આઈ.ડબ્લ્યુ.એસ કોલેજમાંથી બી.કોમ. કર્યું ત્યાં સુધી મમતાને જૈન ધર્મ વિશે બહુ જાણકારી નહોતી. માતાએ ઘરે જૈનશાસ્ત્ર ભણાવવા આવતા મહારાજ પાસેથી ધર્મનું શિક્ષણ લેવાનું સૂચન કરતાં મમતાએ જૈન ધર્મનાં પુસ્તકો વાંચવાની શરૂઆત કરી.

કોલેજના શિક્ષણ કરતાં જુદા જ પ્રકારના ધાર્મિક પુસ્તકમાં સમાજ - દેશ માટે કંઈક કરી બતાવવાની ભરપુર પ્રેરણા ઠાંસોઠાંસ ભરેલી હોવાનું જાણ્યા બાદ મમતાએ છ વર્ષ ખૂબ જ ઊંડાણપૂર્વક એનું અધ્યયન કરીનો જૈન તત્વજ્ઞાનમાં એમ.એ, પીએચ.ડી.કર્યું.

ઉંમરલાયક થતાં પિતા રાજમલે મમતાને લગ્ન કરવા વિશે પૂછ્યું ત્યારે એણે લગ્નને બદલે સમાજ - ધર્મની સેવા કરવા દીક્ષા લેવાની ઈચ્છા વ્યક્ત કરી. પોતાની પુત્રી પોતાની સાથે - સાથે સૌનો ઉદ્ધાર કરવાના માર્ગે જવા માગે છે એ સાંભળીને ધાર્મિક માતા - પિતા ખુશ થઈ ગયાં. સાધુજીવન અને ધર્મનું જ્ઞાન મેળવવા પહેલાં શાસ્ત્રોનો અભ્યાસ કરવાની પિતાશ્રીએ મૂકેલી શરત મમતાએ સહર્ષ સ્વીકારી લીધી. સતત ત્રણ


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ :
૦૪.૦૫.૧૯૪૮



અરિહંત શરણ :
૦૯.૧૨.૨૦૧૨



# સ્વ. ખીમચંદ ખીંયશી છેડા

## (જસાપર - અમદાવાદ)

**માં-બાપ સમું કોઈ નહી થશે, સ્વાર્થ ભરીઆ દુનિયામાં,**
**હોય ભલે બીજું ઘણું પણ, ના થશે એમના તોલમાં,**
**પાળી પોષી મોટા કર્યા, જન્મ આપી આ સંસારમાં,**
**જીવન જીવવાની રીત શિખાવી, ગુણ હતા સંસ્કારમાં,**
**સાદગી ભર્યું જીવન જીવ્યા, ધર્મનું સ્થાન હતું જીવનમાં,**
**મદદગાર બની નિજ જીવનમાં, દાનવીર હતા સંસારમાં,**
**જીવન એવું નંદનવનસું, ખુશીઓ ભરી નિજ મધુબનમાં,**
**અમ બાળકોનું જીવન મધમધતું, રહ્યું સંસ્કારોની સુવાસમાં,**
**અમારૂં બચપન તો વિત્યું, વડીલોની મીઠી છાવમાં,**
**શ્રધ્ધાંજલિ આપીએ મનથી સૌ, આપ શા મળો અમોને હર જનમમાં...**

માતુશ્રી ખેતબાઈ ખીંયશી મુરજી છેડા (જસાપર - અમદાવાદ)
માતુશ્રી ધનબાઈ ભવાનજી પાશ્વીર નાગડા (નલિયા - ઘાટકોપર)

| | | |
|---|---|---|
| પત્ની | : | ગં. સોનલબેન ખીમચંદ છેડા |
| ભાઈઓ | : | સ્વ. સોમચંદ ખીંયશી છેડા (અમદાવાદ) |
| | | શ્રી શાંતિલાલ ખીંયશી છેડા (અમદાવાદ) |
| | | સ્વ. હીરાચંદ ખીંયશી છેડા (અમદાવાદ) |
| બહેન | : | અ.સૌ. દમયંતીબેન દીલીપ દંડ (વરાડીયા - અમદાવાદ) |
| પુત્ર - પુત્રવધુ | : | અ. સૌ. રૂપા સુનિલ છેડા (અમદાવાદ) |
| પુત્રી - પૌત્રી | : | અ. સૌ. મીના યકીન દંડ (વરાડીયા - અમદાવાદ) |
| પુત્રી - જમાઈ | : | અ. સૌ. મીનલ વિપુલ ખોના (સાંયરા - કાંજુરમાર્ગ) |
| | | અ. સૌ. અંજલિ જતીન લાપસીયા (સુથરી - જલગાંવ) |
| પૌત્ર - પૌત્રી | : | પ્રિત, શ્રેયા |
| દોહિત્ર - દોહીત્રી | : | ઝિલ, ખુશી, અક્ષિત |

## સમસ્ત છેડા અને નાગડા પરિવાર તરફથી શ્રધ્ધાંજલિ

વર્ષ એણે જૈન શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો.



સ્ત્રીઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવા સાધ્વીજી દ્વારા અત્યાર સુધી ૩૫ ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે.

પિતા રાજમલે શ્રીમદ બુદ્ધિસાગરજી સંપ્રદાયના સાધુ ગણિવર્ય શ્રી નયપદ્મસાગરજી મહારાજસાહેબને દીકરી મમતા દીક્ષા માટે તૈયાર થઈ ગઈ હોવાની વાત કરતાં ૨૦૦૮માં વતન સાદડીમાં ત્રણ બહેન અને બે ભાઈમાં સૌથી નાની એવી મમતાએ સંસાર ત્યાગીને દીક્ષા ગ્રહણ કરી.

ગત પાંચ વર્ષમાં દિલ્હી, અમદાવાદ, ચેન્નઈમાં ચાતુર્માસ કરનારાં સાધ્વીજીને બધે જે સ્ત્રીઓની સ્થિતી સારી ન હોવાનું જણાયા બાદ મહિલાઓના કલ્યાણાર્થે એમણે **જૈન ઈન્ટરનેશનલ વુમન્સ ઓર્ગેનાઈઝેશન - જીવો**ની સ્થાપના કરી. મહિલાઓના સ્વાવલંબન હેતુ અમદાવાદ, બેંગલોર, હૈદરાબાદ, ઔરંગાબાદ, નાસિક અને દિલ્હી સહિત અનેક શહેરમાં મોટા પાયે શિબિરો યોજી, જેને એટલો બધો પ્રતિસાદ મળ્યો છે કે ટૂંક સમયમાં જ દસ હજારથી વધુ સ્ત્રીઓ જીવોની સભ્ય બની ગઈ.

આ મહિલાઓની કાબેલિયત - ક્ષમતા બહાર લાવવા ઉપરાંત એ આર્થિક રીતે પગભર થાય એ માટે જીવો દ્વારા પાંચ વર્ષમાં ૩૫થી વધુ ટ્રેડ ફેરનું આયોજન થયું છે. ટૂંક સમયમાં આ આંકડો પચાસથી ઉપર પહોંચી જશે.

એટલું જ નહીં, એમણે ભારત સહિત વિશ્વભરની કન્યાઓનાં શિક્ષણ - કેળવણી માટે **હેપ્પી વુમન, હેપ્પી વર્લ્ડ ફાઈન્ડેશન**ની સ્થાપના ચાર વર્ષ પહેલાં અમદાવાદમાં કરી, **દર વર્ષે ૧૮ ડિસેમ્બરે હેપ્પી વુમન, હેપ્પી વર્લ્ડ ડેની ઉજવણી** કરવામાં આવે છે.

**જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન - જિતોની** ભગિની સંસ્થા **જીવો**ને જૈન સમાજ ઉપરાંત અન્ય સેવાભાવી સંસ્થા - દાનવીરોનો સહયોગ મળતાં આજે હજારો મહિલાઓ ફાજલ સમયમાં સીવણકામ, એમ્બ્રોઈડરી, દાગીના બનાવવા કે પાપડ વણવા જેવા ગૃહઉદ્યોગ દ્વારા આર્થિક કમાણી કરી રહી છે.

સંસદ ભવન ખાતેના કાર્યક્રમ વખતે ભારતભરમાં મહિલા પોલીસસ્ટેશન ઊભાં કરવા માટેની માગણી કરવા વિશે સાધ્વીજી કહે છે કે પોલીસની છાપ એટલી ખરાબ છે કે મહિલા તો શું, સીધાસાદા પુરુષ પણ પોલીસસ્ટેશનમાં જતા ગભરાય. જો મહિલા પોલીસસ્ટેશનમાં જતા ગભરાય તો તે સ્વાભાવિક છે. જો મહિલા પોલીસસ્ટેશ હોય તો કોઈ પણ જાતનો ડર રાખ્યા વિના એકલી સ્ત્રી પણ જઈને ફરિયાદ નોંધાવી શકે. બીજું, એક સ્ત્રી બીજી સ્ત્રીને સારી રીતે સમજી શકે છે, એટલે નિષ્પક્ષ તપાસ થાય.

સ્ત્રીઓ ઘરકામ કે ઓફિસમાં નોકરી કરવાની સાથે શારીરિક રીતે સક્ષમ બનીને સ્પોર્ટ્સમાં પણ કાઠું કાઢી શકે છે એ માટે સાધ્વી મયણાશ્રીજીએ ચેન્નઈમાં ઈનડોર - આઉટડોર ગેમ્સનું આયોજન કર્યું, જેમાં ૬૨ કોલેજની સેંકડો યુવતીઓએ ભાગ લીધો.

સમાજસુધારણા અને અબળા ગણાતી સ્ત્રીને આત્મનિર્ભર કરવા માટે પાંચ વર્ષ બહુ ઓછાં ગણાય. આમ છતાં સાધ્વી મયણાશ્રીજીએ આદરેલાં કામ ખૂબ જ ઝડપથી પાર પડી રહ્યાં છે અને એમને મહિલાઓનો જે રીતે સાથ મળી રહ્યો છે એના પરથી કહી શકાય કે નજીકના ભવિષ્યમાં એમના આ પ્રયત્નનાં મીઠાં પરિણામ દેખાશે.

***- પ્રકાશ બાંભરોલિયા***

***ચિત્ર લેખાના દશેરા અંકમાંથી સાભાર***

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
**UK KHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

## આગામી આરોગ્ય વિષયક અને ધાર્મિક કાર્યક્રમો

### મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી.વી.સી. સંઘના સથવારે તારીખ ૨૭-૧૨-૧૩ના સવારે ૧૦.૦૦થી બપોરના ૨.૩૦ દરમ્યાન અનંત છાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટમાં **હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથી મેડીકલ કેમ્પ** યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : અજયભાઈ લોડાયા પાસે મોબાઈલ નંબર ૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરિયજીઆત છે. રજી. રૂા. ૫૦/- ત્યાં આવીને આપવાના રહેશે.

**કીડની, લીવર, સ્કીન તથા અન્ય રોગનો હોમિઓપેથિક મેડીકલ કેમ્પ** શનિવાર તા. ૨૮-૧૨-૧૩ના સવારના ૧૧.૦૦થી બપોરના ૪.૦૦ વાગ્યા તથા રવિવાર ૨૯-૧૨-૧૩ના સવારે ૯ થી ૨.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક : શ્વેતા મિતેશ શાહ મો. : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ દ્વારા આયોજીત અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા. ૧૨-૦૧-૨૦૧૪ના રવિવારના રાતના ૮.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો ભણાવવાનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના -નલિયાવાળા પરિવારે લીધેલ છે.

ફેબ્રુઆરી માસની ભાવના તા. ૯-૨-૧૪ છે. જેનો લાભ માતુશ્રી જયાબેન પુનશી લાખમશી માલદે દલતુંગીવાળાએ લીધેલ છે.


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઈમ્બતુર)**


### રેકી, સુ-જાકે એક્યુપ્રેશર/એક્યુપંક્ચર/ હોરોરીડીંગ/મેડીટેશનનો કેમ્પ

વૈકલ્પિક ચિકિત્સા નિષ્ણાત મહેન્દ્ર ભેદા અને ખુશ્બુ લુઠીયા દ્વારા આયોજીત કેમ્પમાં ● શરીરની બીમારીઓ ઉપર રેકી તથા સુજાકે પધ્ધતિ દ્વારા ઉપચાર કરવામાં આવશે. ● ટેરોટ કાર્ડ રીડીંગ પધ્ધતિ દ્વારા... મુંજવતા પ્રશ્નોનો હલ સુચવાશે. ● મેડીટેશન દ્વારા મનની શાંતિ - રીલકેસેશન કેમ પ્રાપ્ત કરવું તે પ્રકેટીરલી કરાવવામાં આવશે. ● શરીરમાં ટોઉસીન જે ભેગા થયા હોય તે ખાસ મશીન દ્વારા ૨૦ મિનિટનાં સેશન દ્વારા દુર કરવામાં આવશે.

માહિતિ મળે તે માટે સેમીનારનું આયોજન પણ કરવામાં આવ્યુ છે.

**કેમ્પ સ્થળ :** ભાગ્યશ્રી એપાર્ટમેન્ટ, શોપ નં. ૮. ડો. આંબેડકર રોડ, અરિહંત બેકંની સામે, ડેરીડોન આઈસ્ક્રીમ શોપની બાજુમાં, મુલુંડ (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૮૦.

**સમય :** શુક્રવાર તા. ૨૦-૧૨, શનિવાર તા. ૨૧-૧૨ તથા રવિવાર તા. ૨૨-૧૨-૧૩ના સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૯.૦૦ કલાક. રજીસ્ટરેશન કંપલસરી છે. **ફ્રિ સેમીનાર :** ૪.૩૦ કલાકે સાંજે, ફ્રી મેડીટેશનઃ ૬.૩૦ કલાકે સાંજે

રજીસ્ટ્રેશન અને વધારે જાણકારી માટે સંપર્કઃ મહેન્દ્ર ભેદા : ૯૮૨૧૧૯૭૭૧૩ / ૯૦૨૨૬૮૪૮૯૦ ખુશ્બુ લુઠીયા : ૯૨૨૩૨૩૦૯૦૦.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ તા. ૨૪-૧૨-૨૦૧૩ને મંગલવારના ડોંબીવલીમાં શ્રી અભિનંદન મહિલા મંડળ કલવા દ્વારા ૬૮ યાત્રા અનુષ્ઠાનનો ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સમય બપોરે ૨.૩૦ કલાકે. સ્થળ : શ્રી ડોંબીવલી હાલાઈ વીશા ઓસવાલ લોકસેવા મંડળ, બી-૨, જમુના બિલ્ડીંગ રાજાજી પથ, મદ્રાસી મંદિરની બાજુમાં ડોબિંવલી, પુર્વ કાર્યક્રમ સૌજન્ય તથા સંપર્ક ૧. સૌ. ચિત્રા પદમ લોડાયા મો. ૯૮૧૯૦૮૯૫૩૫ ૨. સૌ. શીલા રતીલાલ મોમાયા મો. ૯૯૨૦૮૦૩૫૮૭



**મરમજા મોતી** : બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૪૦)
- **સોમ ધરમશી** (કચ્છ)-09726776627

## મરમ જા મોતી - ૪૩

**પેલાં માનઈયું મુરકંધિયું હુઈયું**
**અજ તવા ખિલેં નતા;**
**પેલાં પારકા પુછા કેણ અચીંધા વા**
**અજ પિંઢજા મિલેં નતા..**

**શબ્દાર્થ** : માનઈ = તાવડી માટીની, મુરકંધિયું = મલકાટ, સ્મિત, મુશ્કરાવવું.

**ભાવાર્થ** : મરમ જા મોતીની કોલમ માટે અનેકવાર કવિશ્રી તેજના કાવ્ય સંપુટ **તેજવાણી**માંથી પસાર થયો છું અને દરિયાના પેટાળમાં જેમ અનેક મોતીઓ છે તેમ એક એકથી ચડિયાતા મરમનાં મોતી મળી આવે, જે લાગે સાવ સામાન્ય પણ જેનાં ઉંડાણમાં ગહેરો મર્મ.. મેઘધનુષી આત્મા સજાવી છુપાઈને બેઠો હોય છે.

ઉપરની સાવ સામાન્ય દેખાતી પંક્તિમાં પણ આપણા સમાજની અને સમય - કાળની, ગઈકાલની અને આજની પરિસ્થિતિનું અવલોકન કરી, કવિશ્રીએ આપણી સમક્ષ મુક્યું છે. જિંદગીના જુદા જુદા તબક્કામાંથી પસાર થયેલ અને અનુભવોની વણઝારમાંથી પસાર થતાં વિશિષ્ટ આંખે દર્શન કરી, કાંઈક તારવી આ કવિ સકારાત્મક ઉપદેશ આપણને આપતા હોય છે.

આજથી ૫૦-૭૦ વર્ષ પહેલાં કચ્છ, દેશાવર કે મુંબઈમાં પણ ઘરે કોઈ મહેમાન આવે... ફક્ત ત્યારે જ નહીં પણ સામાન્ય સંજોગોમાં પણ, સયુંક્ત કુટુંબની ભાવનાને કારણે તાવડી પર રોટલા શેકાતા કે પીરસાતા. ત્યારે ઘડનારી મમતા સભર ટીપતી... ઘડતી... શેકતી કે પીરસતી હતી. આ જોઈ કવિ કલ્પના કરે છે કે ઉબારામાં, તાપમાં તપતી માનઈ પણ મુસ્કુરાતી અને આનંદમાં સહભાગી થતી... એ વખતે મહેમાનોની આગતા-સ્વાગતામાં ભરપુર ભાવનાઓ રહેતી.

વખત જતાં, જમાનો અને સમય બદલાતાં, વિભકત કુટુંબોનો જન્મ થતાં માનઈનું સ્થાન તવાએ, ગ્રામ્ય સંસ્કૃતિમાંથી શહેરી સંસ્કૃતિમાં લીધું અને આગતા - સ્વાગતાની ભાવનામાં ભયંકર ઓટ આવેલી દેખાય છે અને એવું લાગે છે કે તવા જાણે હસતાં પણ નથી, મુશ્કુરાવાનું તો દુર રહ્યું...

પૂર્વના સમયમાં ઘરમાં અવકી-સવકીમાં પડોશી કે પારકા લોકો આવી પુછા કરતા, હૈયાધારણ આપતા અને તકલીફ અને દુઃખ દુર કરવાનાં પ્રયત્નો કરતાં... સમાજ સુઃખ દુખમાં ભાગીદાર બનતો.

આજના ઈન્ટરનેટ, ફેસબુક કે ઈ-મેલનાં જમાનામાં લોકો એટલા વ્યસ્ત થઈ ગયા છે કે તેમને પોતાના ખાસ કુટુંબીજનોને પણ તકલીફમાં કે મુશ્કેલીમાં સાંત્વના કે હૈયાધારણ આપવાનો પણ સમય મળતો નથી.

નવા વર્ષની શુભેચ્છાના ગુલદસ્તા લઈ મળતો માણસ કે મિચ્છા મિ દુક્કડમની ભવ્ય ભાવના સાથે ભેટવા આવતો માનવી ખોવાઈ ગયો છે અને એસ.એમ.એસ. દ્વારાજ પતાવી દે છે.

આ પરિસ્થિતિએ હવે ગ્રામ્ય જીવનમાં પણ ભરડો લીધો છે અને આ સમાજ પરિવર્તનથી દ્રવી જઈ ઉપરની પંક્તિઓ કવિની કલમે લખાય છે ત્યારે સૌરાષ્ટના લોક લાડીલા કવિ દુલા ભાયા કાગની ભાવના સભર પંક્તિઓ રૂમઝમ કરતી મનમાંથી કાગળ પર ઉતરી પડે છે :

***તારા સરનામાં પુછી કોઈ આવે તો,***
***એને મીઠો આવકારો દેજે રે...***

---

### શ્રીમતી પુષ્પા નરેંદ્ર ગોસરનું નવું સરનામું

ફ્લેટ નંબર ૪૧૨, દોસ્તી અસ્ટેર, સી વીંગ, દોસ્તી એકર્સ કોમ્પલેક્સ, એન્ટોપ હિલ રોડ, વડાલા ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૩૭.

**શ્રી નરેંદ્ર ગોસર** મો. 9821023711 / 9820923711

**શ્રીમતી પુષ્પા ગોસર** મો. 9833623752

**કુ. વિભા ગોસર** મો. 9820345357

**કુ. વિમ્પી ગોસર** મો. 9820903764

## સ્વ. યોગેશ રશ્મિન ખોનાકે બૈ પુણ્યતિથિએ ભાવાંજલિ...



જન્મ :
૨૨.૦૧.૧૯૭૧
(તેરા - કચ્છ)

વિદાય :
તા. ૨૪.૧૧.૨૦૧૧
(મુંબઈ - મહારાષ્ટ્ર)

બ - વરે પોય -પ તોજો ખિલધો ચ્હેરો, અખિંયે સામેપ્યો ભમે,
તું વતાય સ્વર્ગજે સુખજા ડીં, જુકો મનમેં તાં રમેંને ગુમે
અનાય તોજા ગુણ જાધ કરે, માડુ જુકો મુંકેતા નમે;
જે તોકે ભુલ્યા નંઈ ભુલ્યા, ઉનીકે પ તોજો ખાલીપો કીં ગમે ?
અસાંલા ઓખા પણ કઢેજાર્યાડીં, કેળા કઠણ કુધરતજા ધારા ?
પણતું જિત્ત વેં તિત્ત, તોકે સુખ ડીંયેં દાદા ભલારા

\- રશ્મિન ખોના (મુંબઈ)

શિવજી નાંગશી ખોના પરિવાર
એવંમ સમસ્ત ખોના પરિવાર (તેરા)

નાનાણા : શામજી માડણ મોતા પરિવાર
(સુથરી) (મુંબઈ – જામનગર)

## પાસ થયા - હાર્દિક અભિનંદન



**ભાવેશ દિનેશ ઝવેરી (ધરમશી)**
જખૌ - હુબલી
C. A. Final ચાલુ અભ્યાસ C. S.

પુછ પરછ માટે પ્રથમ સહતંત્રી ચંદ્રસેન મોમાયાનો જ સંપર્ક સાધવો. તે પછીજ જરૂર જણાય તોજ તંત્રી શ્રી રાયચંદ નાગડા સાથે વાત કરવી. દરેકે દરેક પત્ર નો ઉત્તર આપવો શક્ય નથી. જરૂર જણાય તો સહ તંત્રી પોતે આપનો સંપર્ક કરશે.

## ભાવભીની શ્રધ્ધાંજલિ



ગામ :
સાંધવ - હુબલી

અરિહંત શરણ:
તા. ૧૨.૧૨.૨૦૧૩

### શ્રી લક્ષ્મીચંદ જીવરાજ ખોના (L.J. Shah)

જન જનના હૃદયમાં સ્નેહનું સ્મારક રચી ગયા,
પગલે પગલે સદ્ગુણોના દીપ જલે એવો અજોડ પ્રેરણા પંથ રચી ગયા,
અશ્રુ જરૂર આવે છે, પાંપણના પ્રત્યેક પલકારે પણ સ્મરણ,
સાથે સુહાસ ફેલાય એવી ધુપસળી રચી ગયા,
આપના દિવ્ય આત્માને વંદન ....

શામજી નરશી દંડ (મુંલુંડ)
ગોવિંદજી લાલજી પટેલ (મુંલુંડ)

વિરચંદ મેઘજી ખોના – ડોંબિવલી
નવિન માણેકજી લોડાયા (થાણા)

## NUMBER GAME

IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :



### સંખ્યાવન

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૬૫૮ પહેલેથી આપી છે. આ રીતે સંખ્યા મૂકીને ચોકઠું પૂરું કરો. જે સંખ્યા મૂકો એ છેકતાં જશો તો ગોટાળો ઓછો થશે.

**બે આંકડાની સંખ્યા :** ૧૯, ૨૫, ૩૯, ૪૬, ૪૮, ૫૧, ૬૯, ૭૬, ૯૧, ૯૫,

**ત્રણ આંકડાની સંખ્યા :** ૨૫૯, ૨૯૪, ૪૧૭, ૪૩૬, ૪૯૩, ૬૩૯, ૬૫૮, ૭૮૯, ૭૨૬, ૮૧૪

**ચાર આકડાની સંખ્યા :** ૧૫૪૩, ૧૫૪૯, ૨૪૩૧, ૩૧૨૮, ૪૮૬૨, ૭૧૨૪, ૭૨૮૫, ૭૫૯૭, ૮૫૨૩, ૯૯૩૨

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૮૨૭૯, ૨૧૯૨૭, ૨૬૫૩૬, ૩૧૧૨૮, ૪૫૨૮૬, ૫૩૩૭૨, ૯૩૨૬૪

**છ આંકડાની સંખ્યા :** ૧૩૮૬૪૭, ૨૯૩૪૮૫, ૪૭૧૮૫૬, ૬૫૪૩૮૭, ૮૭૨૬૩૮, ૯૧૭૮૩૫

**2 Digit Nos :** 19, 25, 39, 46, 48, 51, 69, 76,91, 95

**3 Digit Nos :** 259, 294, 417, 436, 493, 639, 658, 789, 726, 814

**4 Digit Nos :** 1543, 1549, 2431, 3128,4862, 7124, 7285, 7597, 8523, 9932

**5 Digit Nos :** 18279, 21927, 26536, 31128, 45286, 53372, 93264

**6 Digit Nos :** 138647, 293485, 471856, 6 5 4 3 8 7 , 872638, 917835

### ભલારા દાદા એજન્સીએ બૃહદ ગાંધીધામ ક્ષેત્રના નબળા પરિવારોને સામાજિક સુરક્ષાનું છત્ર આપવાની જવાબદારી સ્વીકારી

ગાંધીધામ - અંજાર - અંતરજાલ - આદિપુર - નાકોડા વિસ્તારના જરૂરતમંદ પરિવારજનો માટે પરિવાર દીઠ એકજ વ્યક્તિના રૂા. ૨૦૦૦/- બેહજાર રૂા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ તરફથી આપવાની જવાબદારી લેવાઈ છે. લાભ લેનાર પરિવાર જનની માહીતી ગુપ્ત રાખશે. આવા પરિવારના ૫૩ વર્ષની અંદર વયના સભ્ય રૂા. ૨૦૦ ની સભ્ય ફી ભરી લાભ લઈ શકશે. ફોર્મ શ્રી પ્રબોધભાઈ મુનવર ભુજને ભરી આપવાના રહેશે.

## સમાધિ મરણ માટેની જાગૃતિ



જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત જ છે. પરતું મૃત્યુ ક્યારે આવશે, તેની ખબર નથી હોતી. તેમજ મૃત્યુ આવશે ત્યારે આપણે કઈ સ્થિતિમાં હોઈશું તેની પણ ખબર હોતી નથી. ક્યારેક આકસ્મિક ઘટનાઓમાં અણધાર્યું મૃત્યુ આવી જાય ત્યારે અંત સમયના પચ્ચખાણ વગેરે કરવાનું રહીજાય. આવું અવિરતિ ભરેલું મૃત્યુ ઘણા કર્મબંધનું કારણ બનતું હોવાથી અવસરે આત્માને દુર્ગતિની મુસાફરીએ ચડાવી દે તેવુંબને. તેથી આના ઉપાયરૂપે તે અંત સમયના પચ્ચાખાણનો લાભ અવશ્ય પ્રાપ્ત થાય.

આવા અનાગત પચ્ચખાણ એટલે ભવિષ્યમાં જેનું પચ્ચખાણ કરવાનું છે, તેનું પચ્ચખાણ વર્તમાનમાં કરવું તે. તેને અનુલક્ષીને નીચે પ્રમાણે પચ્ચખાણ કરવા કે જેથી મૃત્યુ વખતે વિરતિમાં રહી શકાય અને દુર્ગતિના દ્વાર બંધ કરી શકાય.

હે ભગવંત!

૧. હું જીવનના છેલ્લ શ્વાસે શરીર વગેરે મારીગણાતી સર્વ વસ્તુઓ વોસિરાવું છું.

૨. હું છેલ્લા શ્વાસે અશન-ખાન-પાન-ખાદિમ-સ્વાદિમ (બધા આહાર પાણીનો) ત્યાગ કરું છું.

૩. મારા મૃત્યુબાદ મારા નિમિત્તે કે મારી કોઈપણવસ્તુ દ્વારા પાપના કાર્યો થાય તેની સાથે મારે કોઈ સંબંધ નથી.

૪. મારા મૃત્યુ બાદ મારા નિમિત્તે જે કાંઈ સારા / શુભ કાર્યો થાયતેની અનુમોદના હું કરતો રહીશ.

૫. અરિહંત, સિધ્ધ, સાધુ અને જિનોકત ધર્મ આ ચાર શરણોનું હું સ્વીકાર કરુંછું.

૬. પંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવપૂર્વક હું ત્રિકરણ યોગથી વંદન કરું છું.

૭. જીવનમાં થયેલા દુષ્કૃત્યોની ખૂબ-ખૂબ નિંદા ગર્હા કરું છું.

૮. સર્વ જીવોના જિનજ્ઞાનુસારી સુકૃત્યોની હું અનુમોદના કરું છું.

૯. જગતના સર્વ જીવોને હું ખમાવું છું, તે જીવો પણ મને ખમાવે.

આ બધા અભિગ્રહોનું પાલન કરવા માટે શ્રી અરિહંતાદિના શરણે રહેલો છું. શારિરાદિ બધા પદાર્થોનું મમત્વ છોડવા પ્રયત્ન કરીશ અને પાંચેય વિષયોની તૃષ્ણાને દુર કરવા પ્રયત્ન કરીશ

(આ પ્રતિજ્ઞાનો સ્વીકારનારે મૃત્યું પછી ચક્ષુ વગેરે દાન ન કરી શકાય)

**- સંકલન: લક્ષ્મીચંદ ચાંપશી દંડ - જિનાજ્ઞા - અમદાવાદ મો. ૯૩૭૪૮૮૧૩૦૦**

## મૃત્યુ, પુનર્જન્મ, અમરત્વ આદિ વિષય પરના લેખોનો વિશેષ સંગ્રહ : પારકાં કંકણ

વ્યસન મુક્તિ અભિયાનના પ્રણેતા મુનિશ્રી નરેશચંદ્રજી 'આનંદ' દ્વારા સંકલિત - સંપાદિત મૃત્યુ, પુનર્જન્મ, અમરત્વ આદિ વિષય પરના લેખોનો વિશેષ સંગ્રહ પારકાં કંકણ મૃત્યુથી ડર ન લાગે... પણ તે ઉચ્ચગતિનું દ્વાર બની જાય એવી ભાવનાથી તૈયાર થયો છે. જે જીવનની જીવવાની દૃષ્ટિ બદલી દે તેવો છે, વિવિધ ભાવનાના રંગીન ચિત્રો તથા જયંતી જોશી શબાબની પ્રસ્તાવના તેના વિશેષ આકર્ષણ છે.

તેનું પ્રકાશન પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશન દ્વારા તેમની સ્મૃતિને તાજી રાખવા... જ્ઞાન ફેલાવવા માટે રૂા. ૧૦૦ની પ્રતિકાત્મક કિમંત રાખીને થયું છે.

પ્રાપ્તિસ્થાનની જાણકારી માટે હૈદરાબાદમાં રિધ્ધીશ રમેશ જાગીરદારનો ફોન નં. ૦૪૦ - ૬૬૭૮૦૭૮૦ પર, સાયન - મુંબઈમાં મમતી ભૂપેન્દ્ર કાલ્યાણજી ગાલાનો મો. ન. ૯૮૭૦૦૪૮૭૮૯ પર, કલ્યાણમાં ઉર્વશી હિરેન નરશી દંડનો મો. નં. ૦૯૮૭૦૫૬૧૧૩૩ કે ૦૯૧૭૨૦૩૮૦૦૬ પર અથવા નાગપુરમાં પૂનમ (ખમા) પ્રફુલ મોમાયાનો મો. ન. ૦૯૩૨૫૧૬૧૩૬૯ પર સંપર્ક કરવો.

જય જય શ્રી આદિનાથ

વિતરાગ દર્શન એ-૫૦૧,
ડી.એસ. ગાયકવાડ રોડ,
જુના મુલુન્ડ-વેસ્ટ, મુંબઈ.
મો.: ૯૩૨૪૦ ૧૧૧૦૫

જય જય શ્રી વિમલનાથ

# શાંતીલાલ પદમશી લોડાયા

ભાવભર્યું હાર્દિક

## आमंत्रण

જય જય શ્રી અજીતનાથ

શાંતિ સદન પ્લોટ નં. ૪૭૩,
વોર્ડ ૧૨-સી, લીલાશાહ નગર,
ગાંધીધામ-કચ્છ, ૩૭૦ ૨૦૧.
મો. : ૯૯૨૫૯ ૯૦૯૨૩

સુ શ્રાવક શ્રી,

પ્રણામ, સાથે જણાવવાનું કે પરમકૃપાળુ પરમાત્મા શ્રી વિમલનાથ દાદાને મહાવીર નગર, અંતરજાળ માં ગાદીનશીન થવાને ૧ વર્ષ પૂર્ણ થવા માં છે. શ્રી વિમલનાથ જિનાલય ની પ્રથમ વર્ષગાંઠ પોષ સુદ-૬, સં. ૨૦૭૦. તા. ૬/૧/૨૦૧૪ ને સોમવારે, ઊજવવાનું અમોને સદભાગ્ય પ્રાપ્ત થયું છે. શ્રી અચલગચ્છ જૈન સંઘ, આદિપુરે અમારી વિનંતીને માન આપી ને પ્રથમવર્ષગાંઠ નીમીતે

## ત્રીહ્નીકા મહોત્સવ

ઊજવવા નો સંપુર્ણ લાભ અમારા પરિવારને આપેલ છે તે બદલ અમો શ્રી ટ્રષ્ટમંડળ નો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રસંગ માટે નીચે મુજબનો કાર્યક્રમ ઊજવવાનું નક્કી કરેલ છે.

### માંગલીક પ્રસંગો

પ્રથમ ધ્વજારોહણ



**પ્રથમ દિવસ**

**પોષ સુદ-૪, સં. ૨૦૭૦ તા. ૪/૧/૨૦૧૪, શનિવાર**

બપોરે ૨.૩૦ કલાકે : શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા
(પૂજા શ્રી આદિવિમલ મહિલા મંડળ ભણાવશે)

**દ્વિતીય દિવસ**

**પોષ સુદ -૫, સં. ૨૦૭૦ તા. ૫/૧/૨૦૧૪, રવિવાર**

બપોરે ૧૨.૩૯ કલાકે : શ્રી પ્રભુજી નાં અઢ્ઢાર અભિષેક
રાત્રે ૯.૦૦ કલાકે : શ્રી પ્રભુજી ની ભકિત સભર ભાવના

**તૃતિય દિવસ**

**પોષ સુદ-૬, સં. ૨૦૭૦, તા. ૬/૧/૨૦૧૪, સોમવાર**

સવારે ૯.૦૦ કલાકે : શ્રી સતરભેદી પૂજા તથા ધ્વજા રોહણ
બપોરે ૧૨.૦૦ કલાકે : શ્રી અચલગચ્છ પરિવારો નું સ્વામીવાત્સલ્ય
રાત્રે ૯.૦૦ કલાકે : શ્રી પ્રભુજી ની ભકિત સભર ભાવના

**મહોત્સવ સ્થળ :**

શ્રી વિમલનાથ જિનાલય, પ્લોટ નં. ૧૭૫-૧૭૬,
સર્વે નં. ૨, મહાવીર નગર, અંતરજાળ (આદિપુર) કચ્છ

**ઊપરોક્ત સર્વે કાર્યક્રમમાં વિધીકાર તરીકે શ્રી રાજાભાઇ નંદુ એન્ડ પાર્ટી પધારશે.**

પ્રથમ વર્ષગાંઠ નિમીતે ઊપરોક્ત ત્રીદિવસીય કાર્યક્રમ ઊજવવા અમારા સાથે સહભાગી થઈ, લાભ આપવા અમારા પરીવારની નમ્ર વિનંતી.

લી.

**માતૃશ્રી ભચીબાઇ પદમશી ખીયશી લોડાયા પરીવાર વતી**
**પુત્રવધુ શ્રીમતી જયાબેન શાંતિલાલ પદમશી લોડાયા**
**નાં જય જિનેન્દ્ર વાંચશો.**

**સાંયરા (કચ્છ)** **ગાંધીધામ (કચ્છ)** **મુલુંડ (મુંબઇ)**

# ભાઈ હો તો ઐસા

આજે કળીયુગમાં ભાઈ-ભાઈ વચ્ચે સંબંધોમાં સ્નેહ ભેદ અને લાગણીઓનો અભાવ હોવાના ઘણા ઉદાહરણો આપણને જેવા મળે છે, પણ ક્યાંક આશાનું કિરણ ચમકે, મધરાતે ચમકતા તારાની જેમ પ્રેમના સંદેશ પહોંચાડે તેવા કેટલાક દાખલા પણ મોજુદ છે. આવા કેટલાક કિસ્સા પર નજર નાંખીએ :

૧. મોટાભાઈને વિદેશમાં મેડીકલનો ઉચ્ચ અભ્યાસ કરવા મોકલ્યો હતો. નાનો ભાઈ ભણતરમાં થોડો કાચો, જેથી તેણે કોઈ કારકિર્દી પૂરી કરી નહીં.

હોંશિયાર મોટાભાઈને સવલતો મળતા ડોક્ટરીની ઊંચી ડિગ્રી મેળવી. એ સમયગાળા દરમ્યાન માતાની ગંભીર બિમારીની ચિંતા તેને કરવી ન પડે એ હેતુથી નાના ભાઈએ માતાની પૂરેપૂરી દરકાર કરી, સારવાર કરી. આમ મોટાભાઈને માતાની બિમારીથી ચિંતામુક્ત રાખ્યા.

ડોક્ટરે વરસો પછી પોતાના વતન વાંકાનેરમાં આવ્યા બાદ બંગલો બાંધ્યો, તો નાના ભાઈ માટે પણ કોપી ટુ કોપી એટલી જ સુવિધા સજજ અને સવલતોવાળો બંગલો બાંધ્યો! નાનાભાઈને જરાય ઓછું ન આવે તેનો મોટાભાઈએ ખ્યાલ રાખ્યો!

૨. ૬૩ વર્ષના વસંતભાઈ જ્યારે જ્યારે બહારગામ જતા, ત્યારે તેમને કોઈને કોઈ બિમારી લાગુ પડી જતી. મોટાભાઈ કિરીટભાઈ (૬૮) આ વાત બરાબર જાણતાં.

એક સામાજિક કાર્યકરે વસંતભાઈને બહારગામ સાથે આવવા વિનંતી કરી. વસંતભાઈએ તુરંત મોટાભાઈની અનુમતી લેવા કહ્યું. મોટાભાઈનો સંપર્ક કરતા તેમણે ચોખ્ખો નનૈયો ભણ્યો. વસંત બહારગામ જાય ત્યારે માંદો જ પડી જાય છે. માટે કૃપા કરી તેને બહારગામ ક્યાંય લઈ ન જશો.

દાદા બની ચુકેલા વસંતભાઈ આ પાકટવયે પણ મોટાભાઈની અનુમતી વિના આગળ ડગલું ન ભરે! ભાઈ, ભાઈની આવી દરકાર કરે છે, આવો અંગત ખ્યાલ રાખે છે.

૩. એક બહેનના દુઃખદ નિધન બાદ મિલકતની વહેંચણી થઈ. પુત્રોમાંથી કોઈનેય ઓછું ના આવે એવી આપસમાં વહેંચણી થઈ. જરાય વાદ - વિવાદ નહીં. વકીલોની કે લવાદની નિમણુંક નહીં. કોઈ બહારનાની દરમ્યાનગિરી નહીં.

જમીન ખાતર કોર્ટોમાં કેસો ખડકાય છે ત્યારે એ પરિવારમાં આપસમાં સમજુતી અને સમજદારીથી બધાયને સંતોષ થાય તેવી વહેંચણી થઈ.

૪. ફેમીલી બિજનેસમાં બન્ને ભાઈઓ એક્કા. ધંધામાં ખૂબ પ્રગતિ કરી, પણ હંમેશા સાથે ને સાથે રહ્યા.

વરસો પછી એક કારમી ઘટના બની. નાનાભાઈ કાર એકસીડન્ટમાં ગંભીર રીતે ઘવાયા અને અપાહીજ બની ગયા!

વિકલાંગ નાના ભાઈએ ચોવીસે કલાક પથારીવશ રહેવાની પરિસ્થિતી સર્જાઈ. ડોક્ટરે દર્દીની પરિસ્થિતી કાયમ આવી જ રહેશે તેનો અણસાર આપ્યો. ધંધો સંભાળવા નાનોભાઈ અસમર્થ બન્યો. મોટાભાઈએ બધીય જવાબદારી પોતાને શિરે લીધી.

આજે એ વાતને વરસો વીતી ગયા. મોટોભાઈ નાનાભાઈના પરિવારને અને ધંધામાં એના ભાગમાં જરાય ઓછું આણવા નથી દીધું. બધૂંય સરખું ને સરખું જ. ફીફટી ફીફટી એટલે ૫૦-૫૦, એટલે અડધે અડધે!

૫. ત્રણ ભાઈઓમાંના સૌથી નાનાભાઈને બ્લડની એવી બિમારી લાગુ પડી ગઈ કે શરીરમાં બ્લડની માત્રા ખૂબ જ ઓછી. દર એક / બે માસે બ્લડ ચઢાવવું જ પડે!

બન્ને ભાઈઓએ એવું પ્લાનીંગ કરી રાખ્યું કે વારાફરતે કોઈપણ ઢીલ કે વિલંબ વિના નિયત સમયે બ્લડ બેન્કમાં જઈ ભાઈ માટે રક્તદાન કરી જ આવવું. આજે ઘણાંય વર્ષોથી આ શિરસ્તો સતત, અતુટ ચાલુ છે. ગમે તેમ તો ય એક જ માતાનું લોહી, ત્રણેય ભાઈઓની નસમાં વહી રહ્યું છે ને!

૬. નાનાભાઈનો એકમાત્ર વહાલસોયો દીકરો કાર અકસ્માતને કારણે ગંભીર રીતે ઘવાયો હતો. તાત્કાલિક હાઈવે પરની હોસ્પિટલમાં ખસેડાયો હતો, પરંતુ ઈમરજન્સી જણાંતા શહેરની મોટી હોસ્પિટલમાં લઈ જવાયો, જયાં તેનું બ્રેઈનડેથ થયું હતું. તત્કાલિક વેઈન્ટીલેટર પર મુકાયો. મોટાભાઈની કીડની ફેઈલ્યોરને હજુ એક જ વરસ થયું હતું.

રોડ એક્સીડન્ટમાં નાનીશી હેડઈજાને કારણે મોટાભાઈના બન્ને કોર્નિયા ડેમેજ થયા હતાં. રેટીના એઝ ઈટ ઈઝ બચી ગઈ પણ આંખમાં દૃષ્ટિ નહીંવત રહી હતી.

મૃત પુત્રના અંગ ભાઈને નવજીવન બક્ષી શકે એની તેને ઓછી ખબર. અવયવદાન વિચાર તેના મનમાં ચમક્યો. એકપણ પળના વિલંબ વિના માનવ

# સાવધાન! અજ્ઞાનતાથી માંસાહાર તો નથી થતો ને?

અનંત ઉપકારી, અનંત કલ્યાણકારક એવા શ્રી જિનશાસનને પામીને પોતાના ધન્યાતિધન્ય માનતાં શ્રી શાસ્ત્રકારપરમર્ષિના મુખમાંથી ઉપરના ઉદ્ગારોનીકળ્યા કે જે કારણથી હું જિનશાસનને પામ્યો છું તે કારણથી આજે મારું મનુષ્યપણું પ્રશંસનીય થયું, મારું જીવન સ્તુત્ય થયું, હું ધન્ય છું (અને) પુણ્યશાળી છું. આવા જયવંતા શ્રી જિનશાસનની પ્રાપ્તિ માત્રથી રાત્રિભોજન, અનંતકાય - ભક્ષણ, માંસાહાર અભક્ષ્ય આહાર વગેરે અનેક પાપકાર્યોને સહજ તિલાંજલિ અપાય છે, તો પ્રભુભક્તિ, પચ્ચકખાણ, પૌષધ, સામાયિક, તપ-ત્યાગ વગરે અનેક ધર્મારાધનામાં જીવ હર્ષોલ્લાસથી જોડાય છે, પરંતુ અજ્ઞાનતા અને રસલોલુપતાને કારણે જન્મથી લઈને કંદમૂળનું ભક્ષણ ન કર્યું હોય તેવા પણ જૈનોએ પોતાના પેટને અજાણતાં માંસાહારયુક્ત બિસ્કિટ, ચોકલેટ વગેરે અભક્ષ્ય પદાર્થોથી અભડાવ્યું છે અને અભડાવે છે.

ઈ. સ. ૧૯૯૩માં યુરોપના દેશોની સરકારે માર્કેટમાં વેચાતાં ખાદ્યપદાર્થોને બે વિભાગોમાં વર્ગીકૃત કરતાં ૧. જેમાં માંસાહાર હોય એવા ખાદ્યપદાર્થોના પેકીંગ પર લાલ ચિહ્ન અને ૨. જેમાં માંસાહાર ન હોય તેમાં લીલું ચિહ્ન કરવાનો કાયદો અમલમાં મૂક્યો, પરંતું ચોંકાવનારી બાબત એ છે કે તેઓએ પશુ-પક્ષીના વાળ, પાંખ, નખ, નહોરે, ચરબી કે ઈંડોનો રસ આટલાં પદાર્થોને માંસાહાર તરીકે ન ગણીઆ પદાર્થોયુક્ત ખાદ્યપદાર્થોના પેકિંગ પર લીલું ચિન્હ કરવાનું નક્કી કરેલ છે. ભારત સરકારે પણ યુરોપના કાયદાની નક્લ કરી ભારતમાં પણ આજ કાયદો અમલમાં મૂકયો છે. કંપનીઓ પોતાના ઉત્પાદનમાં પદાર્થોના રંગ, સંરક્ષણ, સ્વાદ, નરમાશ વગેરે માટે પ્રાણીજ પદાર્થોનો ઉપયોગ કરે છે. આ બધા પદાર્થોના નામ પેકિંગ પર લખવા અસંભવ હોવાથી તેના માટે E-Numbering System= E.N.S. પદ્ધતિ અપનાવાય છે. ઈન્ટરનેટ સાઈટ www.vegegieglobalc.com કયા કયા પદાર્થો માંસાહાર છે તેની માહિતી આપે છે. એ અનુસાર નીચે માહિતી નોંધેલ છે. કેટલીક કંપનીઓ પોતાના ઉત્પાદનોના પેકિંગ પર E નંબર નથી પણ લખતી, પરંતુ તેમાં ઉપયોગમાં લીધેલ પદાર્થોના નામ લખે છે. સૌ પ્રથમ કઈ કંપનીના ક્યા ઉત્પાદનોમાં ક્યો E નંબર લખેલ હોય છે તે જણાવી, તે E- નંબરવાળા

---

**ભાઈ હો તો ઐસા**

જ્યોત મારફત લાગતા વળગતા સામાજિક કાર્યકર અને ડોક્ટરનો સંપર્ક કરવામાં આવ્યો અને આંખમાં બોર જેવડાં આસું સાથે પોતાના મનની ઈચ્છા જાહેર કરી!

પોતાના વહાલસોયા પુત્રના અવયવો - અને કીડની જો ભાઈને ટ્રાન્સપ્લાન્ટ દ્વારા આપી તેમને નવજીવન આપી શકાતું હોય તો તેનાથી રૂડું શું હોઈ શકે? સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાના સહારે, ભાઈએ પોતાના કાળજાના ટુકડાના અવયવો ભાઈને પ્રત્યાર્પણમાં સ્વખુશીમાં આપ્યા. આજે ભાઈ કીડની ટ્રાન્સપ્લાન્ટ પછી અને દૃષ્ટિદાન મેળવ્યા બાદ નૉર્મલ જીવન જીવવા સમર્થ બન્યો છે. એ વાતના આનંદમાં તેનો પુત્રનો પ્રેમ કાબિલેદાદ છે. કાળજારૂપી કટકાને ગુમાવ્યાનો આઘાત અને અસહ્ય પળો હવે લગભગ વિસરાઈ ગયા છે.

૭. દર બે ત્રણ માસે એકવાર મોટાભાઈને થાણેની મેન્ટલ હોસ્પિટલમાં દાખલ કરવા જ પડતા, એટલી હદે તેનામાં પાગલપણું આવી જતું. તેનામાં પાગલપણનો એટેક આવતો ત્યારે ખૂબજ માનસિક સમતુલા ખોઈ બેસી, ગાળાગાળી કરતો, ઘરના સૌ કોઈ કંપી ઊઠતા, પણ સૌ કોઈ ચૂપચાપ તેને સહન કરી લેતા. એક અક્ષરેય ન બોલતા. આ પાગલ પછી જ્યારે નોર્મલ બનતા ત્યારે પોતાના કર્યા પર પસ્તાવો અને માફીય માંગી લેતો.

નાનાભાઈને શિરે પોતાના અને મોટાભાઈના બન્નેના પરિવારને સાચવવાની જવાબદારી નાની વયથી જ આવી પડી. ભાઈએ ઈશ્વરીય મરજી સમજી, બન્ને પરિવારની ખૂબ સારી માવજત કરી. તેમના સંતાનોને પણ સારી રીતે લાડપ્યારથી ઉછેર્યા, મોટા કર્યા. તેમણું જતન કર્યુ. આજે બન્ને ભાઈઓના સંતાનોના વિવાહમાં કાંઈપણ ઓછું ન આવે, તેમ બધીય ગોઠવણ કરી આપી.

પાગલ ભાઈને નોર્મલ થતાં અવાર-નવાર ઘેર લાવવા પડતા અને પાગલપણું નાનું-મોટું દાખવે ત્યારે જરાય ગુસ્સા કે તિરસ્કાર વિના નાનાભાઈનો પરિવાર એ પળને અને એ પરિસ્થિતીને સાચવી લે છે.

***- કુલીનકાંત ચાંપસી લુઠિયા***

ઉત્પાદનોમાં ક્યા માંસાહારયુકત પદાર્થ વપરાય છે તેની માહિતી જણાવેલ છે. (પેકિંગ પર માત્ર નંબર તેમાં વાપરાયેલ પદાર્થોના નામ પછી લગભગ લખેલ હોય છે.)

**૧. કંપની - પારલે (PARLE) :** ઉત્પાદન (Product) ૧ કેકજેક, હાઈજેક, પારલે-જી, મુનકો (મોનેકો), ઓરેંજ ક્રિમ, મેરી, ક્રિમ બોરબન આટલાં બિસ્કીટ અને ફ્રુટી મેંગો જ્યુસમાં E- નંબર ૪૭૧, ૩૨૨ અને ૪૮૧ હોય છે તે સામાન્યથી INGREDIENTS માં છેલ્લે કૌંસમાં લખેલ હોય છે. (૨) ક્રીસમી બાર ટોફીમાં ૩૨૨ (૩) બટર કપ ટોફીમાં ૩૨૨, ૪૮૧ (૪) ગોલગપ્પા ટોફીમાં ૪૭૧ (૫) પારલે ૨૦-૨૦માં ૪૭૨, ૩૨૨ હોય છે.

**૨. કંપની - સનફીસ્ટ (Sunfeast) :** ઉત્પાદન (૧) સ્પેશ્યલ ચોકો ક્રીમ, સ્પેશ્યલ બિસ્કિટ અને સનફીસ્ટ ગ્લુકોઝમાં ૩૨૨ (૨) સ્પેશયલ બટરકુકીજમાં ૪૭૧, ૩૨૨ (૩) સનફીસ્ટ બિસ્કીટમાં ૪૭૧, ૩૨૨, ૪૮૧ (૪) સ્નેકી જિગજૈગ બિસ્કીટમાં ૪૭૧, ૪૮૧ હોય છે.

**૩. કંપની - કેડબરી (Cadbury) :** ઉત્પાદન : (૧) ફાઈવસ્ટાર ચોકલેટમાં ૪૭૧, ૪૭૬, ૪૪૨ (૨) ડેરી મિલ્કમાં ૪૭૬ (૩) બોર્નવીટા મિલ્ક પાવડરમાં ૪૭૧, ૩૨૨ (૪) ઈકલેયર્સ ટોફીમાં ૪૭૧, ૪૭૬ (૫) મિલ્ક ટ્રીટ ટોફીમાં ૪૨૨, ૪૭૬ (૬) જેમ્સ ટોફીમાં ૪૭૬ હોય છે.

**૪. કંપની - પ્રિયા ગોલ્ડ (Priyagold) :** ઉત્પાદન : ક્લાસીક ક્રિમ, સી.એન.સી. અને સ્નેક્સ જિગ જૈગ બિસ્કીટમાં ૪૭૧, ૩૨૨, ૪૮૧ હોય છે.

**૫. કંપની - નેસલે (Nestle) :** ઉત્પાદન : (૧) મિલ્ક ચોકલેટમાં ૪૭૧, ૪૭૬ (૨) મેગી નૂડલ્સમાં ૬૩૧, ૬૨૭ (૩) મેગી નેસલે બોરબનમાં ૪૭૧ હોય છે.

**૬. કંપની - બ્રિટેનિયા (Britania) :** ઉત્પાદન : (૧) ફિફ્ટી-ફિફ્ટી (૫૦-૫૦) માં ૪૭૨, ૪૮૧ (૨) જિમ-જેમ અને નાઈસ ટાઈમમાં ૪૭૧, ૪૮૧, ૩૨૨ (૩) ગુડ-ડેમાં ૪૭૧, ૩૨૨ હોય છે.

**૭. કંપની - રિગલી (Wriegly) :** ના સેંટર ફ્રેશમાં ૪૭૧, ૪૨૨.

**૮. કંપની - ન્યુટ્રીન (Nutrine) :** ઉત્પાદન : (૧) મહાલેક્ટ્રોમાં ૩૨૨ (૨) જેમ્સમાં ૩૨૨, ૪૭૬.

**૯. કંપની - કેન્ડીમેન (Candyman) :** ઉત્પાદન : (૧) ઈકલેયર્સ ટોફીમાં ૪૭૧, ૩૨૨ (૨) ટોફી ચોકલેટમાં ૪૭૧, ૩૨૨, ૪૭૬

**૧૦. મિન્ટો (Minto)** ના ગોલમિન્ટમાં ૯૦૪, ૩૨૨.

**૧૧. પેરીઝ (Parrys)** ના કોફી બાઈટમાં ૪૭૧, ૩૨૨.

**૧૨. બિન્ગો (Bingo)** ટોમેટો ચીપ્સમાં ૬૭૧, ૬૨૭.

**૧૩. પરફેટી (Parfeti)** ની હેપ્પી - ડેન્ટ ચ્યુઈંગમમાં ૪૨૨, ૩૨૨.

**૧૪. કેમ્પીફ્રૂટ્સ (Campy Fruits)** ના ચોકોટેડીમાં ૪૭૬, ૩૨૨.

**૧૫. આઈ. ટી.સી. (I.T.C)** નાં (૧) સ્પાઈસી ટેસ્ટી ઓરેંજ અને ચોકોક્રિમમાં ૩૨૨ (૨) રિચ ફ્રેશમાં ૪૭૧, ૪૮૧ હોય છે.

આ સિવાયની કંપનીઓના ઉત્પાદનમાં પણ માંસાહાર પદાર્થ આવવાની સંભાવના રહેલી છે. હવે ક્યા E નંબરવાળા ઉત્પાદનમાં માંસાહાર તરીકે ક્યો પદાર્થ વપરાય છે અને તે કઈ રીતે બનાવાય છે તેની માહિતી નીચે આપેલ છે. ઉપરોક્ત ૧૫ કંપનીઓના ઉત્પાદનની નોંધ ઈન્ટરનેટ પર નથી, પરંતુ તેમાં માત્ર ક્યા (નંબર લખેલ પેકિંગના પદાર્થોમાં ક્યો પદાર્થ માંસાહાર છે તે દર્શાવેલ છે તેની યોગ્ય ગોઠવણ કરી નીચે આપેલ છે. તેમાં ઉપરોક્ત ઉત્પાદનો સિવાયના ઉત્પાદનનોમાં E નંબર પણ આપેલ છે.

**E- નંબર માંસાહાર પદાર્થનું નામ :**

૧૨૦ કોચીનીલ (Cochineal) કે કારમિનિક એસિડ (Carminic Acid)

૧૫૩ કાર્બન બ્લેક (Carbon Black) કે ચારકોલ (Vgetable Carbons)

૧૬૧ G કેન્થાજન્થિન (Canthaxantin)

૨૫૨ પોટેશિયમ નાઈટ્રેટ (Potassium Nitrate)

૩૨૨ લેસિથિન (Lecithine)

૪૨૨ ગ્લિસરોલ (Glycerol)

૪૪૧ જિલેટીન (Geletine)

૪૨૨ એમોનિયમ ફોસ્ફેટાઈડ્સ (Ammonium Phophatides)

૪૭૦ A સોડીયમ, પોટેશિયમ અને કેલ્શિયમ, સોલ્ટસ ઓફ ફેટી એસિડ (Sodium, Potassium and Calcium, Salt of Fatty Acids)

૪૭૦ (B) મેગ્નેશિયમ સ્ટિયરેટ ઓફ ફેટી એસિડ (Magnesium stearate of Fatty Acids)

૪૭૧ મોનો એન્ડ ડિગ્લિસરાઈડ્સ ઓફ ફેડી એસિડ (Mono and Diglycerides of Fatty Acids)

૪૭૨ AF મોનો એન્ડ ડિગ્લિસરાઈડ્સ ઓફ ફેટી એસિડ (Mono and Diglycerides of Fatty Acids)

૪૭૫ પોલીગ્લાયસરોલ એટર ઓફ ફેટી એસિડ (Polyglyceral Esters of Fatty Acids)

૯૨૧ એલસિસ્ટાયન હાઈડ્રોક્લોરાઈડ મોનોહાઈડ્રેટ (L-Cysteine Hydrochloride Monohydrate)

૪૭૬ પોલીગ્લાયસરોલ પોલીરીસાઈનોલીએટ (Polyglyceral Polyricinoleate)

૪૭૭ પ્રોપેન - ૧, ૨ ડાયોલએસ્ટરસ ઓફ કેટી એસિડ (Propane 12, Diolesters of Fatty Acids)

૪૭૮ લેક્ટીલેટેડ ફેટી એસિડ એસ્ટર્સ ઓફ ગ્લોસરોલ એન્ડ પ્રોપેન ૧, ૨, ડાયોલ (Lactyated Fatty Acids esters of glycerol and propane 1, 2, Diol)

૪૭૯ B થર્મલી ઓકિસડાઈજડ સોયાબીન ઓઈલ એન્ડ ડિગ્લિસરાઈડ્સ ઓફ ફેટી એસિડ (Thermally oxidixed soyabean oil and diglyceridrs of Fatty Acid)

૪૮૧ સોડીયમ સ્ટીરીયોલ—૨ લેક્ટીલેડ (Sodium Stearoyl - 2 lacty late)

૪૮૩ સ્ટીરીયલ ટોરટ્રેટ (Stearoyl Tartrate)

૫૪૨ બોન ફોસ્ફેટનો પાવડર (Bone Phosphate)

૫૭૨ મેગ્નેશિયમ સ્ટીયરેટ (Magnessium Stearate)

૬૩૧ ડીસોડીયમ ઈનોસીનેટ (Disodium Inosinate)

૬૩૫ ડીસોડીયમ ૫ રાઈવોન્યુક્લિયોટાઈડ ૫ (Disodium 5 ribonucleotide 5)

૬૪૦ ગ્લોસાઈન અને તેનું સોડિયમ (Glocine and its sodium)

૭૦૧ બીજવેક્સ (મધુમોમ) (Bees Wax - White and Yellow)

૭૦૪ શીલેક (Shellac)

૭૧૦ એલ-સિસ્ટીન (L-cysteine)

૭૨૦ (L-cysteine - Hydrochlo)

ઉપરોક્ત પદાર્થોમાંથી **(૧) કેન્થાજેન્થિન (Canthaxantin) માછલી અને અન્ય જલચર જીવોમાંથી (૨) લેસિથિન (Lecithin) એ ઈંડા કે પ્રાણીની ચરબીમાંથી (૩) એમોનિયમ ફોસ્ફટાઈડ્સ એ પ્રાણીની ચરબીમાંથી બનાવાય છે. આ ત્રણ સિવાયના ઉપરોક્ત પદાર્થો પ્રાણિઓના શરીરના કોઈપણ અંગમાંથી બનાવાય છે .**

નોંધ : ઉપરોક્ત પદાર્થમાંથી કેટલાક પદાર્થો વનસ્પતિ કે રસાયણોમાંથી પણ બનાવી શકાય છે. પરંતુ પ્રાણીજન્ય પદાર્થો સસ્તાં અને ઉત્પાદનમાં વધુ નરમાશ લાવતા હોવાથી મોટાભાગની કંપનીઓ પોતાના ઉત્પાદનોમાં પ્રાણીજન્ય પદાર્થો જ વાપરે છે.

પ્રાન્તે, તમામ પુણ્યશાળી વાચકગણને નમ્ર વિનંતિ છે કે જાગ્યા ત્યારથી સવાર એ ન્યાયે ઉપરોક્ત સત્ય બાબતો જાણી સ્વયં અજાણતા પણ થતો માંસાહાર બંધ કરે અને અન્ય વ્યક્તિઓને પણ આ બાબતમાં જાગૃત કરી સુકૃતના સહભાગી બને એ જ અભ્યર્થના.

સમ્યગજ્ઞાનપ્રદાતા શિક્ષક-શિક્ષિકા ભાઈ-બહેનોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના પાઠશાળાના વિદ્યાર્થીઓને આ વિષય સુંદર રીતે સમજાવે.

(આ લેખની માહિતીનો જાહેર બોર્ડ ઉપર મુકી પ્રચાર કરો)

***સંકલન: અધ્યાપક શ્રી અર્પણભાઈ હર્ષદભાઈ શાહ***
*પ્રબુદ્ધ જીવનમાંથી સાભાર*

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પ.પૂ.આ.ભ. કલાપ્રભ સાગરસુરીશ્વરજીને દિક્ષા દિન તેમજ જન્મદિન નિમિત્તે ભાવભરી વંદના... આપના પ્રખર બહુમુખી વ્યક્તિત્વ દ્વારા થયેલ જિનશાસન અને અચલગચ્છની સેવા અતુલ્ય છે તેની ભુરી-ભુરી અનુમોદના.

- ચીમન મોતા

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ વડોદરા આયોજીત સમેતશીખરજી મહાયાત્રા




શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ - વડોદરા દ્વારા શીખરજી મહાયાત્રાનું આયોજન તા. ૧૩-૧૧ થી ૨૩-૧૧-૨૦૧૩ સુધી કરવામાં આવ્યું.

સમગ્ર આયોજનના સંઘપતિ બનવાનો લાભ માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા (શ્રી કુંવરજી વસાઈયા લાલકા - ગામ લાલા વાળાના આત્મ શ્રેયાર્થે) લઈને યુવક મંડળનું કામ ખુબજ સહેલું કરવા બદલ સંઘપતિ પરિવારની ખુબ-ખુબ અનુમોદના કરવામાં આવી. તા. ૧૩-૧૧ને બુધવારના શ્રી વિમલનાથ દાદાના આશિર્વાદ લઈ ૧૧૫ યાત્રીઓએ અજીમાબાદ એક્ષપ્રેસ દ્વારા શુભ પ્રયાણ કર્યું. તા. ૧૫ સવારના ૫-૩૦ કલાકે પટના આગમન.

સંઘત્યાંથી પાવાપુરી તીર્થ (શ્રી મહાવીર સ્વામીની મોક્ષ ભૂમિ), રાજગૃહી તીર્થ (વિપુલગીરી તથા વૈભવગીરી પહાડ યાત્રા કરી છઠ્ઠા પહાડની રોપ-વે દ્વારા માજા માણીને ત્યાં વિશ્વશાંતિ સ્તુપ તથા બૌદ્ધ મંદિરના દર્શન કર્યા), કુન્ડલપુર તીર્થ (ગૌતમ સ્વામી જન્મભૂમિ) ગુણીયાજી તીર્થ (શ્રી ગૌતમ સ્વામીની કેવળ જ્ઞાન ભૂમિ), લછવાડ તીર્થ (ભગવાન શ્રી મહાવીર સ્વામીનું જન્મ સ્થાન), ચંપાપુરી તીર્થ (શ્રી વાસૂ-પૂજ્ય સ્વામીના પાંચે કલ્યાણકની ભૂમિ), ભાગલપૂર જિનાલય, ઋજુવાલિકા તીર્થ (મહાવીર સ્વામીનેજ્યાં શાલીવૃક્ષ નીચે કેવળજ્ઞાન થયું હતું તે ભૂમિ) આ બધા તીર્થ પર દર્શન - સેવા પુજા-ભાવના કરતા કરતા શ્રી મધુબન તીર્થ પર પહોંચ્યો.

શીખરજીમાં શ્રી ભોમીયાજીના દર્શન-કૃપાથી સંઘના ૨ વર્ષથી ૮૧ વર્ષના બધાજ સભ્યાએ સુખરૂપ જાત્રા કરી. મોટા ભાગના યાત્રિકોએ ૨૭ કિમી એટલેકે ચન્દ્ર પ્રભુની ટુંક, પારસનાથ ટુંક સહિત જાત્રા કરી.

સમગ્ર સંઘના સુચારૂ આયોજનમાં યુવક મંડળના કાર્યકરો ઉપરાંત દાતા લાલકા પરિવારના સર્વશ્રી લીલમભાઈ, શ્રી પ્રીતમભાઈ તથા શ્રી લીનેશભાઈ (બબલુભાઈ), પાર્થની વિશેષ કામગીરી રહી. સંઘમાં જોડાયેલા યાત્રિકો પણ સેવા આપવા બધી જગ્યાએ તત્પર રહેતા. યુવક મંડળ દ્વારા દાતા પરિવાર ને સ્મૃતિપત્ર અર્પણ કરી અનુમોદના કરવામાં આવી ટુર ઓરગેનાઈઝર, કેટરીંગ સ્ટાફ, ડ્રાઈવર વિગેરેનું સંઘ દ્વારા બહુમાન કરવામાં આવ્યું. સમગ્ર યાત્રા દરમ્યાન શ્રી કુલીનભાઈ, શ્રીમતી મધુબેન તથા શ્રી શરદભાઈ કારાણીની ઉત્કૃષ્ટ વ્યવસ્થા સહુ કોઈને સ્પર્શી ગઈ. સમગ્ર યાત્રા દરમ્યાન માતુશ્રી ચંપાબેન પદમશી છેડા, માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા, શ્રી ધનપતિભાઈ કાનજી લોડાયા, શ્રી હીતેષભાઈ ધનજી મૈશેરી, શ્રી બંકીમભાઈ ગોવિંદજી લાલકા, ઉદયભાઈ જયચંદ મુનવર, શ્રી યુરેશભાઈ દેવશી મોતા, શ્રી વર્ધમાનભાઈ કલ્યાણજી લોડાયા, શ્રી હીરાચંદભાઈ લક્ષ્મીચંદ દંડ, શ્રી નરેન્દ્રભાઈ દામજી મોમાયા, શ્રી નરેન્દ્રભાઈ નરશી ગોશર, શ્રી સંજયભાઈ સોમચંદે મોમાયા, શ્રી દિનેશબાઈ ધનજી નાગડા, શ્રી અનિલભાઈ ધનજી નાગડા, પરિવારોએ સંઘ પુજનનો લાભ લીધેલ.

સંઘપતિ પરિવારે સૌ. યાત્રીકોને ટ્રાવેલીંગ બેગની પ્રભાવના કરી. ચંદ્રેશ પદમશી છેડાએ પ્રેરણા ભર્યું પીઠબળ આપ્યું.


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## અચલગચ્છાધિપતિનું ચાતુર્માસ પરિવર્તન

પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાનું ચાતુર્માસ પરિવર્તન તા. ૧૮-૧૧-૨૦૧૩ને સોમવારના થયું. ઠાણા - ઉઠાણાના પ્રસંગે શેઠ કેશવજી નાયક ધર્મશાળામાંથી શેઠ નરશીનાથા ધર્મશાળામાં વાજતે - ગાજતે પૂ.શ્રી પધારેલ. આ અવસરે સારી સંખ્યામાં પૂ. સાધ્વી ભગવંતો તથા ભાવિકો પધારેલ.

પ.પુ. આ. ભગવંતે માંગલિક શ્રવણ કરાવેલ. પૂ. ગણિવર શ્રી વીરભદ્ર સાગરજી મ.સા. તથા પૂ. મુનિશ્રી પ્રિયંકર મ.સા. એ વ્યાખ્યાન વાણીનો સુંદર લાભ આપેલ.

શેઠ નરશીનાથા ધર્મશાળા તરફથી બપોરના ચાપાણી તથા સાંજના ચૌવિહારની સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ. સકલ સંઘે સારો લાભ લીધેલ. રૂપિયા ૬૦ની પ્રભાવના થયેલ. અ.સૌ. ચંદ્રાબેન મહેન્દ્ર મોમાયા - સાંયરા - રાજકોટ તરફથી પૂ. ચન્દ્રપ્રભુ સ્વામીજીની આંગી રચાવવામાં.

## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડલ

છત્તીસગઢ ક.દ.ઓ. યુવા મંડલ દ્વારા શરદ પુર્ણિમા ઉત્સવ દિ. ૨૦-૧૦-૨૦૧૩ રવિવારના શ્રી કુંથુનાથ જિનાલય પરિસરમાં હર્ષો ઉલ્લાસથી મનાવવામાં આવેલ. મુખ્ય અતિથી શ્રી રતન ચાંપશી નાગડા અને શ્રી હરીશ શીવજી લોડાયા હતા. શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ - રાયપુરના અધ્યક્ષ શ્રી તરૂણ શિવજી લોડાયા વિશેષ રૂપથી ઉપસ્થિત હતા.

યુવા મંડલના કાર્યક્રમોને સુદ્દઢ બનાવવા લાભાર્થી પરિવારોનું આર્થિક સહયોગ માટે વિશેષ સન્માન કરવામાં આવ્યા: ૧. શ્રીમતી મંજુલાબેન કુલિકાંત જીવાણી પરિવાર ૨. શ્રી મણીકાંત મેઘજી મોમાયા - પરિવાર ૩. માતુશ્રી પુષ્પાબેન નારાયણજી મૈશેરી - પરિવાર ૪. માતુશ્રી સોનબાઈ કેશવજી જીવાણી પરિવાર.


**આકર્ષક પેકેજ રૂા. ૭૦૦માં**

**બ્લીચ, FBN સ્પે. ફેસિયલ, મેનીક્યોર, પેડીક્યોર, ઓઈલ મસાજ, હેરપેક, વેક્સીંગ, આઈબ્રો, અપર લિપ્સ, ચીન.**

**સંપર્ક : 9022159022 , 9594522227**


કાર્યક્રમમાં નાના બાળકો દ્વારા ડાંસમાં સરસ્વતી વંદના, શ્રી નવકાર મહામંત્રીની ભવ્ય પ્રસ્તુતી કરવામાં આવી. વિભિન્ન પ્રકારની ગંહુલી પ્રશિક્ષણ આપવા ભાટાપારાથી સૌ. પ્રીતિબેન યશવંત છેડા - પધારેલ, એમનું પણ મડેલ દ્વારા સન્માન કરવામાં આવેલ.

વિવિધ પ્રતિયોગિતાઓ રાખવામાં આવેલ અને એમના વિજેતાઓને પારિતોષિક આપવામાં આવ્યા.

**મહેન્દી પ્રતિયોગીતા :** ૧૫ વર્ષથી ઉપર બાઈડલ ૧. સૌ. સુનયના મૈશેરી ૨. કુ. રોશની લોડાયા, અરેબિક (૧૦ થી ૧૫ વર્ષ) ૧. પલક છેડા.

**રંગોલી પ્રતિયોગીતા :** ૧. સુનયના મૈશેરી ૨. સૌ. હેતલ શાહ.

**જૈન પૂજા થાળી સજાવટ :** ૧. સૌ. હેતલ શાહ ૨. કુ. ચાંદની પોલડીયા

**રંગ ભરો પ્રતિયોગીતા :** ૧. પાર્થ મૈશેરી ૨. મોક્ષ જીવાણી

**બોકસ સજાવટ પ્રતિયોગીતા :** ૧. કૃષ્ણા લાલકા ૨. દિશા છેડા

**ફેશન શો પ્રતિયોગીતા :** (૨થી ૭ વર્ષ) ૧. નિધિ મોમાયા૨. દીયા છેડા (૮થી ૧૫ વર્ષ) ૧. પલક છેડા ૨. હર્ષિતા છેડા તથા દીશા છેડા.

**દીવા સજાવટ પ્રતિયોગીતા :** પ્રજ્ઞા વિપુલ મોતા (ભિલાઈ)

ભોજનની વ્યવસ્થા હતી. ડી.જે.ની સાથે દાંડિયાની રમઝટ જમાવી. કાર્યક્રમનું સુત્ર સંચાલન સૌ. હેતલ ગીત શાહ અને સૌ. મિત્તલ ભાવિક શાહ એ સફળતા પૂર્વક કરેલ. મંડળના કોષાધ્યક્ષ શ્રી હિતેશ શરદ મોમાયાએ આભાર વિધી કરી.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ - સંઘ, રાયપુર દિપાવલી મિલન

શ્રી સંઘની સામાન્ય સભા સાથે દિપાવલી મિલન તા. ૧૦-૧૧-૨૦૧૩ને રવિવારના શ્રી


શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**

કુંથુનાથ પરિસરમાં રાખવામા આવેલ વિશેષ અતિથી રૂપે શ્રી મોતીચંદ કરમશી શાહ અને સૌ. પુષ્પાબેન મોતીચંદ શાહ હતા.

શ્રી કુંથુનાથ પ્રભુ અને શ્રી મહાકાળી માતાની છબી ને પુષ્પહાર અને દ્વીપ પ્રજવલન કરવામાં આવ્યું. શેઠ શ્રી નરશીનાથાની છબી પર મલ્યાર્પણ બોલી દ્વારા લાભાર્થી પરિવાર સ્વ. ચંપાબેન ડુંગરશી નાગડા - પરિવાર હસ્તે મહેન્દ્ર ડુંગરશી નાગડા (નલિયા-રાયપૂર) એ કર્યું.

સંઘના અધ્યક્ષ શ્રી તરૂણ લોડાયાએ અને ઉપસ્થિત અતિથીઓએ પ્રાસંગિક પ્રવચન આપેલ. યુવા મંડલ, શ્રી કુંથુનાથ મહિલા મંડલ તથા સંઘના હિસાબોને બહાલી આપવામાં આવી.

યુવા મંડલના પ્રમુખ શ્રી અમિત મૈશેરી અને કુંથુનાથ મહિલા મંડલના પ્રમુખ સૌ. મંજુલાબેન જીવાણીએ પણ શુભકામનાઓ સાથે પ્રાસંગિક પ્રવચન આપેલ.

શ્રી કે.ડી.ઓ. વેલફેઅર એસોસિયેસન દ્વારા સંચાલિત સામાજીક સુરક્ષા યોજનાની વિસ્તૃત જાણકારી આપી સર્વે સભ્યોને વધુથી વધુ એમાં જોડાવા અને લાભ લેવા આગ્રહ કરવામાં આવ્યો.

કચ્છમાં આયોજીત યુવાઉમંગ - ૨૦૧૩ની પણ વિસ્તૃત જાણકારી આપવામાં આવી. યુવાઓને એમાં ભાગ લેવા આગ્રહ કરવામાં આવેલ.

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનું અગામી સંમેલન રાયપુરમાં થવાનું, છે એની વિગતવાર જાણકારી આપવામાં આવી. રાયપુરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં ઉતીર્ણ થયેલ છત્ર - છાત્રાઓને પ્રોત્સાહન પુરસ્કાર વિશેષ અતિથી દ્વારા પ્રદાન કરવામાં આવ્યા.

સમાજના દિવંગતોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી. માનદ મંત્રીએ આભાર પ્રદર્શન કર્યુ.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ - સંઘ, રાયપુર ચાતુર્માસ પરિવર્તન

આ વર્ષે રાયપુરમાં ચાતુર્માસ માટે પ.પૂ. આચાર્ય શ્રીમદ વિજય રત્નસુંદર સૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ. સાધ્વીજી સંવેગ નિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા પધારેલ -ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પ્રથમ વિહાર પ.પૂ. આચાર્ય શ્રી મદ્ વિજય રત્ન સુંદર સુરીશ્વરજી મ.સા.આદિ ઠાણા સાધ્વીજી મ.સા. આદિ ઠાણા નુ. તા. ૨૯-૧૧-૧૩ના શ્રી કુંથુનાથ જિનાલયમાં થયેલ. આ કાર્યક્રમ માટે રાયપુરના સકલ ગુજરાતી જૈન સંઘના ચારે ફિરકાઓ - ક્રમશ - શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ, શ્રી ક.વિ. ઓસવાલ જૈન સંઘ, શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સંઘ અને શ્રી સૌરાષ્ટ્ર વીશા શ્રીમાળી સંઘનો સયુંક્ત પ્રયાસ હતો.

પ.પૂ. આર્ચાય શ્રીનો કુંથુનાથ જિનાલય સુધી પ્રવેશ માટે મુખ્ય માર્ગથી દેરાસર સુધી વાજતે - ગાજતે વરઘોડા રૂપે ચતુર્વિધ સંઘ સાથે થયેલ.

બધા ફિરકાઓના પ્રમુખો દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવેલ. પ.પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજય રત્ન સુંદર સુરીશ્વરજી મ.સા. આદિ અને સાધ્વી મ.સા. શ્રી સંયોગ નિધિશ્રીજી મ.સા.ને કામળી ઓઠાડવામાં આવી.

આચાર્ય શ્રીનું પ્રવચન સાંભવવા જૈન સંપ્રદાય સાથે જૈનેતર સંપ્રદાયના સભ્યો બહોળી સંખ્યામાં હાજર હતા. કાર્યક્રમ બાદ રખાયેલ સ્વામી વાત્સલ્યના લાભાર્થી - શ્રી સૌરાષ્ટ્ર વીસા શ્રીમાળી સંઘ, શ્રી કચ્છી વીશા સંઘ સમાજ માતુશ્રી ગુણવંતી બેન ખીમજી મૈશેરી પરિવાર, માતુશ્રી વિજયાબેન જેઠાભાઈ લાલકા પરિવાર, માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર અને માતુશ્રી પુષ્પાબેન નારાયણજી મૈશેરી પરિવાર હતા.

## સખી વૃંદ - પુના

નવેમ્બર મહિનાની મિટીંગ મીરાં નાગડાને ઘરે યોજાયેલ. વિષય હતો રોજિંદા જીવનની સમસ્યા અને સ્ત્રીના દ્રષ્ટિ બિંદુથી તેનો ઉકેલ. મીરાંબેનનું કહેવું હતું કે બાળકોને કેવી રીતે સમજણ પાડવી, આપણે પોતે શું કરવા માગીએ છીએ - એ બાબત દ્રઢ રહી એજ દિશામાં આગળ વધવું જોઈએ, પોતાનો શોખ કેળવવો જોઈએ અને જીવનશૈલી સુધારવી જોઈએ. સમસ્યાના ઉકેલ માટે પર્યાય શોધવો, આખા દિવસનું સમયપત્રક બનાવી દિનચર્ચા ગોઠવવાથી સ્ત્રી પોતાના માટે પણ સમય ફાળવી શકશે.

ત્યારબાદ મીરાબેને બહેનોના પાંચ ગ્રુપ પાડી દરેકને અલગ સમસ્યાનો વિષય આપ્યો. અને તેમણે આપેલ પદ્ધતિ મુજબ ઉકેલ શોધી એ વિષેનાં મંતવ્ય તથા નિરાકરણ રજુ કરવા કહ્યું. ચર્ચામાં બહેનોએ રસપૂર્વક ભાગ લીધો તેમજ

પોતાના મંતવ્યો રજૂ કર્યાં. યજમાન મીરાબેનનો આ વિષય ખુબજ રસિક રહ્યો.

### બેલ્લારી ગુજરાતી મહિલા સેવા મંડળ

સ્નેહ મિલન - સાલમુબારકની ઉજ્વણી મંડળ તરફથી હોઈસલા હોટલમાં રાખવામાં આવેલ. સૌએ એક બીજાને નવા વર્ષની શુભકામના આપી મંડળના સેક્રેટરી સૌ. નીશા નિતીન ધરમશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું. લકી ડીપ રાખવામાં આવીહતી. હાઉસી ગેમ પણ રાખવામાં આવેલ. સમાજના પાસ થયેલ દરેક વિદ્યાર્થીને મંડળ તરફથી પ્રોત્સાહન રૂપે પુરસ્કાર આપવામાં આવેલ. અનેક સરપ્રાઈઝ પુરસ્કાર પણ રાખવામા આવેલ.

નવેમ્બર મહિનાની મિટીંગ સૌ બીના શ્રીનીવાસ તરફથી હોટલ ગ્રીન લીફમાં રાખવામાં આવેલ. એક્શન ગેમ રમાડવામાં આવી જેમાં પ્રથમ સૌ. નીતા શરદ મૈશેરી તથા દ્વિતીય વિજેતા સૌ. બાવિકાબેન રહ્યા. હાઉસી ગેમ પણ રમાડવામાં આવી તથા બીનાબેન તરફથી પુરસ્કાર આપવામાં આવ્યા.

### દેરાસર શતાબ્દી મહોત્સવ - ગદગ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગદગ વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪માં દેરાસર શતાબ્દી મહોત્સવ ઊજવી રહેલ છે.

હાલમાં દેરાસરનું જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ છે. જુની મહાજનવાડીના નવીનીકરણ (રીનોવેશન)નું કામ કાર્ય ચાલુ છે. ૯-રૂમ તથા ૨ - ડોરમેટરીવાળા અતિથી ગૃહનું બાંધકામ પૂર્ણ જોશમાં ચાલી રહ્યું છે.

ઑગસ્ટ ૨૦૧૪માં શતાબ્દી મહોત્સવ આચાર્ય ભગવંતોના આશીર્વાદથી અને પૂજ્ય સાધ્વીજીની પાવન નિશ્રામાં સંપન્ન થશે.

જાન્યઆરી ૨૦૧૪માં આપણી શાળાનો ૧૦૯ મો વાર્ષિકોત્સવ પણ ઊજવવામાં આવશે.

### સાંધવ ગામે વાછરા દાદાની પહેડી પ્રસાદ

સાંધવ ગામે વાછરા દાદાની પહેડી પ્રસાદતા. ૮-૧૧-૨૦૧૩ રાખવામાં આવેલ. શાંતીજિન જૈન જાગૃતિ ગ્રુપના ભાઈઓ સારી સંખ્યામાં પધારેલ. ભુજમાં યોજલે સમુહ લગ્નમાં ૧૧ વર - વધુ સાંધવ ગામે શાંતિનાથ દાદાના તેમજ વાછરા દાદાના દર્શન કરવા વર-વધુ પધારેલ.

### અચલ - ગચ્છજા શણગાર પુ. સાધ્વી શ્રી હંસાવલી શ્રીજી મ.સા. કે વંદના...

ધન્ય! પિતા ડુંગરશીભાને, ધન્ય! કુક્ષી માતા મોંઘીબાઈ  
ગુરુપુષ્પાશ્રીજી નિશ્રામેંને લલુડી ધરતી લાયજેંજી તેં દીક્ષા દેવાઈ  
બાલ - બ્રમ્હચારી હીરબાઈથ્યા હંસાવલી, નેથ્યા પાંજે ગચ્છજી સાધ્વી સવાઈ  
ગુરુમૈયા પુષ્પશ્રીગ્યા, શાસ્ત્ર સિધ્ધાંત શીખીને થ્યા તૈયાર  
૫૫-૫૫ વરેં દીક્ષા પર્યાયજા પ્રસાર ક્યાં, ઈજ આંજે પુણ્યાજી કમાઈ  
ને ૫૫ ઐતિહાસીક ચાતુર્માસ કરે, પુરે ભાવથી ધર્મ ડીના સમજાઈ  
તપ - ત્યાગને મૌન મીમાંસા, કપ્યા કરોડો કરમ હે,  
પુણ્યવંતા પાવની આતમ્, આંજે ચરણે વંદન હી વંદન  
કચ્છ તેરા - ગચ્છને આણંદ કુળજો કઢચાંનાં થૈને વડા શુભકારી  
રશ્મિન નમે ચરણ હે ગુરુમૈયા, ઈ આય મહાવીરજી બલિહારી

*- રશ્મિન ખોના (તેરા - મુંબઈ)*


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૮.૧૩ | મુંદ્રા | પ્રાચી-હીરલ ગિતેન શિયાળ | જખૌ | પુત્રી |
| ૨૨.૦૮.૧૩ | ડોંબિવલી | સાર્થક - નમ્રતા / પરેશ ખોના | વરાડીયા | પુત્ર |
| ૦૬.૦૯.૧૩ | પારોલા | મેહા - રાજુલ/પિયુશ ચંદુલાલ દેવશી ડાઘા | ગોએરસમા | પુત્રી |
| ૦૫.૦૯.૧૩ | સાંગલી | મુદિતા-ભાવિકા/કૌશલ ઉત્તમ ખોના | કોઠારા | પુત્રી |
| ૧૬.૦૯.૧૩ | કાંદીવલી | ખ્રીશા-નિતા/રુપેન કુશાલ મોતા | તેરા | પુત્રી |
| ૨૧.૦૯.૧૩ | કોપ્પલ | દક્ષ - વિદ્યાશ્રી/ભાવેશ રમેશચંદ નાગડા | નલીયા | પુત્ર |
| ૧૫.૧૦.૧૩ | ડોંબિવલી | સરવ-સમીર અરવિંદ કુંવરજી લોડાયા | સુજાપુર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૨.૧૩ | મુલુંડ | મુંજાલ (મેહુલ) આનંદજી મૈશેરી | મોઠી સિંધોડી | ૩૨ |
| | મુલુંડ | નિષા નેનશી પદમશી ખોના | સાંધવ | ૨૮ |
| ૧૨.૧૨.૧૩ | મુલુંડ | આદિત્ય ચંદ્રેશ ભવાનજી દંડ | લાલા | ૨૭ |
| | મુલુંડ | જસ્મીલી હિરાલાલ ઝવેરચંદ ધુલ્લા | તેરા | ૨૫ |
| ૦૭.૧૦.૧૩ | મુલુંડ | ગિરીષ ખૂશાલ દેવશી મોતા | લાખણીયા | ૨૭ |
| | ભાંડુપ | મોનીકા પ્રફુલ્લ લખમશી મોમાયા | વરાડીયા | ૨૬ |
| ૨૦.૧૦.૧૩ | ધુલીયા | તરુણ વસંત ઠાકરશી ગોસર | ગોએરસમા | ૨૬ |
| | કાંદીવલી | મિનલ ભિખૂભાઈ ઘેલાભાઈ લોડાયા | તેરા | ૨૬ |
| ૦૭.૧૧.૧૩ | મિરારોડ | કપીલ ગુલાબચંદ કલ્યાણજી બોરીચા | બાયંઠ | ૨૪ |
| | ઘાટકોપર | જલપાં દામજી મીઠૂભાઈ મોતા | ધ્રુફિ | ૨૪ |

### આતંર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૧૦.૧૩ | વડાલા | ભાવિક ગીરીષ કાનજી દંડ | લાખણીયા | ૨૫ |
| | સાયન | આકાંક્ષા પ્રદિપકુમાર મહાવીરપ્રસાદ સુરેખા | રતન નગર | ૨૫ |
| ૧૫.૦૯.૧૩ | ઘાટકોપર | તિમીર નિલેશ વલ્લભદાસ આસર | અંજાર | ૨૬ |
| | ઘાટકોપર | અંકિતા રાજેન્દ્ર રાયચંદ જીવરાજ ખોના | ધાફા | ૨૫ |
| ૧૮.૦૯.૧૩ | હૈદરાબાદ | જતિન લક્ષ્મીચંદ હંસરાજ શામજી લોડાયા | મોટી ખાવડી | ૩૪ |
| | ચિંદવાડા | રિયા શિખરચંદ જૈન | ચિનૌર | ૨૪ |
| ૦૫.૧૦.૧૩ | ડોંબિવલી | મલય તનસુખભાઈ મગનલાલ શાહ | માંડવી | ૨૫ |
| | ડોંબિવલી | પાયલ ભાયચંદ ખીમજી નાગડા | રંગપુર | ૨૫ |
| ૦૫.૧૦.૧૩ | ડોંબિવલી | સંજય વિનોદ શિવજી ડાઘા | રંગપુર | ૨૮ |
| | ચેમ્બુર | પ્રિયંકા શ્યામલાલ વર્મા | રાજસ્થાન | ૨૮ |
| ૧૩.૧૦.૧૩ | ઘાટકોપર | કરણ હિરાચંદ ટોકરશી મૈશેરી | સુથરી | ૨૪ |
| | ઘાટકોપર | પુજા ભોગીલાલ મંગળજી શાહ | હાથસણી | ૨૪ |
| ૧૩.૧૦.૧૩ | મુલુંડ | ભવ્ય નરેંદ્ર દામજી વિસનજી | નલીયા | ૨૪ |
| | દોંડ | દિવ્યા વિપુલ મહાવીર નેમચંદ શાહ | ઈડર | ૨૩ |
| ૧૩.૧૦.૧૩ | સાંતાક્રુઝ | રિષભ ભરત ડુંગરશી શિયાળ | દલતુંગી | ૨૭ |
| | મિરારોડ | સમિરા ફ્જલઅલી નુરઅલી જાફરી | દુબઈ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૧૧.૧૩ | ઈંન્દૌર | ગુંજન (પ્રતિભા) રુપચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૮ |
| | હુબલી | રુચી (સ્મિતા) ચેતન નવિનચંદ લોડાયા | વારાપધર | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| - | અવદાવાદ | જેઠાભાઈ ખીમજી કલ્યાણજી ખોના | નલિયા | ૮૦ |
| ૦૨.૧૨.૧૩ | વડોદરા | મહેન્દ્ર રાયચંદ નાગડા | નલિયા | ૬૩ |
| ૦૨.૧૨.૧૩ | ઈંન્દોર | બિના હરીશ કામાણી | પરજાઉ | ૪૧ |
| ૦૫.૧૨.૧૩ | મુલુંડ | નિર્મલાબેન ખુશાલ લક્ષ્મીચંદ લોડાયા | અરિખાણા | ૫૯ |
| ૧૦.૧૨.૧૩ | મુલુંડ | જીવરાજ ધરમશી લખમશી વોરા | રંગપુર | ૭૬ |

## પ્રથમ માસિક તિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



ગામ - દલતુંગી
હાલ - ડોંબીવલી

દેહ વિલય
તા.૧૭-૧૧-૨૦૧૩

# સ્વ. ડુંગરશી શામજી લાપસિયા

**અંજલિ આપતા હૈયું તુટે છે...**
**શ્રધ્ધાંજલિ લખતા શબ્દો ખૂટે છે...**

વ્હાલ સોયા પિતાશ્રીને અશ્રુભીની શ્રધ્ધાંજલિ વ્હાલના વડલારૂપી આપની છત્ર છાયા અમે ગુમાવી છે. પરંતુ આપના દ્વારા થયેલું અમારું જીવન ઘડતર સંસ્કારોનું સિંચન, સ્નેહ, સત્ય અને સકારાત્મક પુરુષાર્થ, કુંટુંબ પરિવાર માટે સર્મપર્ણ ભાવ અને ઉદાર ભાવના, અમારા માટે પ્રેરણાદાયી બની રહેલ છે.

હે પ્રભુ ! અમારા વાત્સલ્યમુર્તિને આપજો શાંતિ એવમ્ સદગતી એજ અમારી ભાવભીની પ્રાર્થના.

## આપના આશિર્વાદના શુભાકાંક્ષી

| | | | |
|---|---|---|---|
| પુત્ર - પુત્રવધુ | : | પરેશ ડુંગરશી લપાસિયા | અ. સૌ. જયશ્રી પરેશ લાપસિયા |
| | | દિલીપ ડુંગરશી લાપસીયા | અ.સૌ. પ્રજ્ઞા દિલીપ લાપસીયા |
| | | સોમચંદ ડુંગરશી લાપસિયા | અ.સૌ. વર્ષા સોમચંદ લાપસિયા |
| પૌત્ર - પોત્રી | : | ચી. અંકિત, જીજ્ઞેશ, ધવલ અને માનસી | |
| દિકરી - જમાઈ | : | કલાબેન કિશોર લોડાયા | અ.સૌ. રેખા ભાવેશ શિયાળ |
| દોહિત્ર - દોહિત્રી | : | સ્વ. સમીર ચિ. કાંજલ, ઉર્વેશ, લતીકા | |

અરિહંત ટ્રાન્સપોર્ટ કંપની સહ પરિવાર સમસ્ત સ્ટાફ મુંબઈ - જોધપુર

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 , day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



જન્મ :
૩૦-૧૧-૧૯૮૬

અરિહંત શરણ :
૧૩-૧૨-૨૦૧૨

## સ્વ. સમીર કિશોર લોડાયા

દલતુંગી

દૃષ્ટિમાં હજૂ રમે છે. તારો હસતો ચહેરો...અંતરમાં હુજુય પડઘાય છે તારી સ્મૃતિનાં ઘબકારા,
અસ્તિત્વનું રોમ રોમ હજુયે અનુભવે છે. તારી હયતિનો હુંફાળો સ્પર્શ

| | | |
|---|---|---|
| દાદા- દાદી | : | પ્રમિલાબેન ભાણજી લોડાયા |
| માતા - પિતા | : | કલાવંતી કિશોર લોડાયા |
| બહેન - બનેવી | : | કાજલ કલ્પેશ દંડ |
| ભાણેજ | : | મોક્ષિત, હર્ષિત |
| નાના - નાની | : | સ્વ. વિજયાબેન ડુંગરશી લાપસીયા |

## રાષ્ટ્રીય સ્તરે ૨૪ નવા શ્રેષ્ઠ સંશોધનમાં પસંદગી પામેલ સ્માર્ટ વ્હીલ ચેર બનાવનારા સંશોધકોમાં જ્ઞાતિના હાર્દિક ભરત મૈશેરી (નલિયા – વાપી) નો સમાવેશ.





રાજકોટની વી.વી.પી. કોલેજના ઈસીના વિદ્યાર્થીઓનો ધ્વનિ આધારિત સ્માર્ટ વ્હીલ ચેર પ્રોજેક્ટ રાષ્ટ્રીય સ્પર્ધામાં ૨૪ શ્રેષ્ઠ સંશોધનોમાં પસંદી પામેલ છે. આ પ્રોજેક્ટ કરનારા પ્રતિભાવંત સંશોધકોમાં જ્ઞાતિના હાર્દિક ભરત મૈશેરી (નલિયા - વાપી)નો સમાવેશ થાય છે.

અંદાજિત ૧૦૦ કિલોનું વજન વહન કરી શકતી આ વ્હીલ ચેર ફોલ્ડીંગ છે . તે બેટરીથી ચાલે છે. તેનું સંચાલન વ્યક્તિના આવાજ, જોયસ્ટીક ડીવાઈસ અથવા ગર્દનની હિલચાલ થી કરી શકાય છે. સંભાળ રાખનારા રીમોટથી પણ આ ચેરનું સંચાલન કરી શકશે. તેમાં ટેમ્પરેચેર સેન્સર, એરકૂલિંગ સીસ્ટમ, ઓવરલોડ પ્રોટેકશન સહિતની સુવિધા છે. આ યુવા સંશોધકોનું કહેવું છેકે બજારમાં મળતી મોંઘી વ્હીલ ચેરથી વધુ સુવિધાજનક અને ટેકનીકલી ચઢીયાતી આ વ્હીલ ચેર તેઓ વિકલાંગોને સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવવા ચાહે છે. તેઓ આ માટે બિઝનેસ મોડેલ વિકસાવી રહ્યા છે, જે ટુંકમાં ફાયનલ થઈ જશે.

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**